# માતૃભાષા

ભાષા સંસ્કૃતિનો પ્રાણ છે

આવો આપણે સાથે મળી માતૃભાષાને બિરદાવીએ

No. 48 - December 2008 **MATRUBHASHA** Language – Gujarati

(Australia's First and Only Gujarati magazine, First published : January 2001)

**અંક નંબર ૪૮ - ડિસેમ્બર ૨૦૦૮** **માનદ તંત્રી - પ્રવીણ વાઘાણી** **કિંમતઃ જેવો જેનો ભાષાપ્રેમ**


## ક્રિસ્મસ - અર્ધા ભાવમાં



વર્ષની ગણતરી કરવાની શરૂઆત થઈ ત્યારથી જ કદાચ વર્ષના અંતિમ દિવસ અને વર્ષના પહેલા દિવસની નોંધ લેવાનું અને ઉજવવાનું પણ શરૂ થયું જ હશે. જુદા જુદા દેશ અને ધર્મમાં આ ગણતરી જુદા જુદા સમયે શરૂ કરવામાં આવી. એટલે અત્યારે માણસ પાસે અનેક જાતના વર્ષોના કેલેન્ડર છે. વિક્રમ સંવત, શક, યહુદી, ક્રિશ્ચિયન, ચાઈનીઝ વગેરે. કાળ તો અનાદિ અને અનંત છે, તેને માપવાનો કોઈ અર્થ નથી. તેમ છતાં પૃથ્વીના સૂર્યની ફરતા એક પરિભ્રમણ કરવાના સમયને એક વર્ષ ગણીને આપણે આપણા જીવનના સમયને માપવાની શરૂઆત કરી. ખાસ કરી કોણ મોટું, કોણ નાનું, કોણ કેટલું જીવ્યું, ક્યારે જન્મ્યું, ક્યારે ગયું, એ બધું નક્કી કરવામાં આ ગણતરી ઘણી જરૂરની થઈ પડી છે.

પહેલાં તો ચંદ્રની વધઘટ થવાના સમયની ગણતરી કરવાનું શરૂ થયું જેમાંથી ચંદ્રમાસી કેલેન્ડર વિક્રમ સંવંતનું સર્જન થયું. ચંદ્ર લગભગ સાડાઓગણત્રીસ દિવસમાં પૃથ્વી ફરતો એક આંટો મારે છે. આવા બાર માસના સમયને, એટલે કે ૩૫૪ દિવસને એક વર્ષ ગણવામાં આવે તો શિયાળો, ઉનાળો અને ચોમાસું એ ત્રણ ઋતુઓના શરૂ થવાના અને પૂર્ણ થવાના સમયની ગણતરી કરવામાં ભૂલ આવતી હતી. કારણ ઋતુઓનો આધાર ચંદ્ર ઉપર નહિ પણ સૂર્ય ઉપર છે. અને સૂર્ય ફરતું એક પરિભ્રમણ કરવાનો સમય લગભગ ૩૬૫ દિવસથી સહેજ વધારે છે. એટલે ચંદ્રમાસી કેલેન્ડર ઋતુઓ સાથે તાલ મીલાવતું રહે તે માટે તેમાં દર ત્રીજે વર્ષે એક માસ ઉમેરવામાં આવે છે જે 'પુરુષોત્તમ માસ' નામથી એક પવિત્ર માસ તરીકે ઉજવાય છે.

બ્રિટિશ સામ્રાજ્ય દુનિયાના ઘણા દેશોમાં ફેલાયું. એક સદી પહેલાં એમ કહેવાતું કે સુર્ય કદી બ્રિટિશ સામ્રાજ્યમાં આથમતો નથી. તે સાથે અંગ્રેજી ભાષા અને ક્રિશ્ચિયન કેલેન્ડર પણ તેટલાં જ પ્રચલિત થયાં. અંગ્રેજી ભાષા અને અંગ્રેજી કેલેન્ડર વ્યવહારમાં એટલે ઊંડે સુધી મૂળ ઘાલી ગયા છે કે આજે આપણું આર્થિક જીવન આ કેલેન્ડરને આધારે જ ચાલે છે. બીજા બધા કેલેન્ડરો જે તે પ્રજાના ધાર્મિક કે સામાજીક જીવન માટે ઉપયોગમાં લેવાય છે. મુંબઈના સેઠિઆઓ હિસાબના નવા ચોપડા ભલે 'ચોપડા પૂજન'ને દિવસે શરૂ કરે, પણ તેમણે હિસાબ તો અંગ્રેજી તારીખ પ્રમાણે જ રાખવો પડે છે.

આ અંગ્રેજી કેલેન્ડર પૃથ્વીના સૂર્ય ફરતા એક પરિભ્રમણના સમયનું બનેલું છે એટલે વર્ષની ગણતરી વધારે ચોક્કસ રીતે થઈ શકે છે. આપણી વિક્રમ સંવંત અને અંગ્રેજી વચ્ચેના દશ દિવસના તફાવતને કારણે આપણા વર્ષનો અંતિમ દિવસ એટલે કે દિવાળી, જો કે આપણે માટે આસો માસના છેલ્લા દિવસે જ છે, અંગ્રેજી કેલેન્ડરમાં ઓક્ટોબર કે નવેમ્બર માસના જુદા જુદા દિવસે દર વર્ષે આવે છે. અને આવું જ આપણા બીજા બધા ધાર્મિક તહેવારો જેવાં કે જન્માષ્ટમી, રામનવમી, નવરાત્રી, હોળી, વગેરે વિષે છે. આને કારણે દેશમાં કે પરદેશમાં, ઘરની દિવાલ પર દર વર્ષે નવું અંગ્રેજી કેલેન્ડર લટાકાવાતું હોવા છતાં 'આપણું' એટલે એક વિક્રમ સંવંતનું કેલેન્ડર આપણી પાસે ન હોય તો તહેવારો આવ્યા ગયાનું આપણને ભાન નથી રહેતું અને તેની ઉજવણીની ચોક્કસ વ્યવસ્થામાં પણ ઉણપ રહી જાય છે કે પછી જતું કરાય છે.

પરદેશમાં વસતા ગુજરાતીઓ માટે તો નવરાત્રી અને દિવાળી એ બે જ મુખ્ય તહેવારો રહ્યા હોય તેવું લાગે. મેલબર્નનો ગુજરાતી સમાજ તો વર્ષ દરમિયાન આ બે તેહેવારો ઉજવવાની જ ગોઠવણી કરે છે. રામનવમી રામાયણ મંડળીવાળા ઉજવે છે, જન્માષ્ટમી વૈષ્ણવ પરિવાર અને 'હરે કૃષ્ણ' મંદિરમાં ઉજવાય છે, હોળી અને ધૂળેટી એક જ દિવસે 'શિવ-વિષ્ણુ' મંદિરમાં ઉજવાય છે, ગણેશચતુર્થી મહારાષ્ટ્રિયન અને દુર્ગા પૂજા બંગાળી લોકો ઉજવે છે. અને બીજા નાનામોટા તહેવારો સૌ સૌની મરજી, સગવડ અને શ્રદ્ધા પ્રમાણે ઉજવે છે. મોટે ભાગે તો પરદેશમાં તેનું બહુ મહત્વ નથી રહ્યું. આ બધાની અંગ્રેજી તારીખ તો દર વર્ષે બદલાતી જ રહે છે અને ગુજરાતની જેમ અહીં આ તહેવારોની રજા પણ મળતી નથી. એટલે તહેવાર ગમે તે દિવસે હોય ઉજવણી તો શની-રવિમાં જ થાય અને હોલમાં રાખવાનું હોય તો યોગ્ય હોલ ભાડે મળી શકે ત્યારે - એકાદ અઠવાડિયું આગળ કે પાછળ. આપણે તો ભઈ, ઉજવણીથી કામ ને !

વિક્રમ સંવતનો છેલ્લો દિવસ દિવાળી અને પછીનો વર્ષની શરૂઆતનો દિવસ 'બેસતું વર્ષ' આપણે માટે કૌટુંબિક દિવસો ગણાય છે. હું નાનો હતો ત્યારે અમારે ઘેર દરજી બેસાડી નવા કપડાં સવિડાવાતા. આ દિવસમાં હવે નવાં કપડાં ખરીદાય છે અને સારું ભોજન બનાવી કુટુંબના સૌ સભ્યો સાથે મળી આનંદ કરે છે. ઘરને શણગારાય છે આંગણાં રંગોળીથી સજાવાય છે. રાત્રિના સમયે દીવાઓ પ્રગટાવી લક્ષ્મીજીને આવવાનું આમંત્રણ અપાય છે. નાના બાળકોને ફટાકડાઓ ફોડવાનો આનંદ મળે છે. ઘર સુખ અને સમૃદ્ધિથી ભરપૂર લાગે. બેસતા વર્ષને દિવસે નાના હોય તે પોતાનાથી મોટાને પગે લાગી તેમના આશીર્વાદ મેળવે છે. આ સાદી ઉજવણીની પ્રથા બહુ સારી હતી. આજના સમયમાં એક કુટુંબના બધા સભ્યો એક જ ઘરમાં એક સાથે સંયુક્ત કુટુંબ તરીકે રહેતા હોય તેવું ભાગ્યે જ બને છે. ધંધા અને નોકરીને કારણે અલગ રહેવું પડે તે સ્વાભાવિક બની ગયું છે અને ઘણીવાર એક જ શહેરમાં પણ નથી હોતા. કેટલાક કુટુંબો તો પરદેશમાં વીખરાયેલા પડયા છે. પણ આ દિવસો દરમિયાન બની શકે ત્યાં સુધી એકબીજાથી નજીક આવવાના અને સાથે બેસી ભોજન લેવાની સૌને ઈચ્છા થાય જરૂર. તહેવારોનું આ જ એક ગુરુત્વાકર્ષણ છે જે કૂટુંબના સભ્યોમાં પ્રેમ અને લાગણીની ભાવનાઓ જીવંત રાખે છે અને સામાજીક વ્યવસ્થાની એક મજબૂત કડી બની સમાજને ધબકતું રાખે છે.

દરેક ધર્મમાં આવા ધાર્મિક તહેવારો હોય છે જે લોકોની ધર્મ પ્રત્યેની શ્રદ્ધાને પોષણ આપે છે, તેને જીવંત રાખે છે, મજબૂત બનાવે છે. ક્રિસ્મસનો દિવસ પણ આવો જ ખ્રિસ્તી ધર્મનો એક તહેવાર છે. આ તહેવાર વર્ષના અંતિમ દિવસનો તહેવાર નથી પણ તેથી છ દિવસ અગાઉ ૨૫મી ડિસેમ્બરે ઉજવાય છે. એટલે અહીં ક્રિસ્મસ અને નવાવર્ષના પહેલા દિવસ વચ્ચે છ દિવસનો ગાળો રહે છે. વ્યાપાર માટે અંગ્રેજી કેલેન્ડર અપનાવાયું છે અને અત્યારે વ્યાપાર એક શહેર કે દેશ માટે મર્યાદિત ન રહેતાં વૈશ્વિક બની ગયો છે એટલે તે સાથે ક્રિસ્માસની ઉજવણી પણ ખ્રિસ્તી ધર્મ પૂરતી મર્યાદિત ન રહેતાં સર્વવ્યાપી બની ગઈ છે. પણ સૌથી વધુ નોંધકારક, અને કંઈક અંશે દુઃખદ, વાત એ છે કે ક્રિસ્મસ ધાર્મિક કરતાં વ્યાપારિક વધારે બની ગયેલ છે. રૂઢીચૂસ્ત માન્યતાવાળા હજી પણ તેને કૌટુંબિક તહેવાર તરીકે ઉજવવા મથે છે પણ તેમાં એકબીજાને ભેટ આપવાની કે ગ્રીટીંગ કાર્ડ મોકલવાની પ્રથા એટલી તીવ્ર બની ગઈ છે ઘણાને માટે તો એ ઉજવણીને બદલે મોટા તનાવનો દિવસ બની જાય છે. કોને માટે કઈ અને કેટલી કિંમતની ભેટ ખરીદવી એ જ જાણે ક્રિસ્મસનો મોટો ભાગ બની જાય છે. કોઈ દુકાન શરૂ કરે ત્યારથી જ ક્રિસ્મસના વેપારની રાહ જુએ. ક્રિસ્મસને બીજે દિવસે એક દુકાનની બહાર બોર્ડ હતું 'આવતી ક્રિસ્મસ ફક્ત ૩૬૪ દિવસ પછી' ! માણસો ગજા ઉપરવટનો ખર્ચ કરે, ક્રેડિટ કાર્ડ પર એટલું બધું દેવું કરે કે આવતી ક્રિસ્મસ સુધી ભર્યા કરે. હવે તો ઘરને શણગારવા પાછળ કેટલાક એટલો બધો ખર્ચ કરે છે કે આ શણગારની વસ્તુઓનો મોટો ધંધો થઈ ગયો છે.

અને નવા વર્ષ પછી દુકાનો ભરાયેલા માલને સસ્તામાં કાઢી નાખવા તૈયાર થાય. એક મિત્રને એક દુકાનમાંથી ત્રણ થેલી લઈને નીકળતા જોયા. 'બહુ મોટી ખરીદી કરી ?' મેં પૂછ્યું. જવાબ મળ્યો, 'આ તો આવતી ક્રિસ્મસ માટે છે. હું ભેટ આપવાની વસ્તુઓ દર વર્ષે જાન્યુઆરીમાં જ ખરીદું છું. બધું અર્ધા ભાવે મળે !' ચાલો, ક્રિસ્મસનો એટલો ફાયદો તો થયો !

Publication: MATRUBHASHA
(Bimonthly)
Language : Gujarati (Indian)
પ્રકાશન ઃ **માતૃભાષા** (શુદ્ધ ગુજરાતીમાં લખાયેલું દ્વીમાસી સામયિક)
માનદ તંત્રી અને પ્રકાશક ઃ પ્રવીણ વાઘાણી

Correspondence and articles to:
The Honorary Editor
(Pravin Vaghani)
4 Fiona crt, Glen Waverley
Vic 3150 (Australia)
Email: matrubhasha@hotmail.com

છપાયેલી કૃતિ માટે કંઈ પુરસ્કાર અપાશે નહી.
ઈન્ટરનેટ પર પ્રસિદ્ધ થયેલ કૃતિ મોકલશો નહિ.
Disclaimer: Views expressed in the articles are of the contributors, writers, only. No responsibility is accepted by the honorary editor.

**No Subscriptions:**

MATRUBHASHA can now be viewed on Shri Ratilal Chandaria's Gujarati dictionary website www.gujaratilexicon.com. As also on www.gav.org.au, the website of Gujarati Association of Victoria, Melbourne

Printed edition will be continued to be sent to those who have already subscribed. But after their subscription has expired, they are requested not to send any renewal., but view MATRUBHASHA on the abovementioned websites.

## ગું જ ન

### ⌘ વતન ⌘

**સ્નેહ રશ્મિ**

આવ્યો વ્હાલે વતન હરખે દીર્ઘ કંઈ વર્ષ વીત્યે, દોડ્યો જોવા પરિચિત બધાં સ્થાન કૈ બાલ્ય કેરાં- જોયો વ્હાલો વડ અહીં રમ્યો આંબલીપીપળી તે નાનુ, હલ્લુ, રતુ રમણની સાથ. ને જીર્ણ દેરાં જોયાં સર્વે નજર ભરીને, કિન્તુ એ આજ જાણે પૂછે તેને અપરિચિત શાં - "કોણ તું ? કેમ આવ્યો ?" હૈયું દૂભ્યું, મુખ પડી ગયું, જાગિયા કંપ પ્રાણે - જાણે તેને વદને વતને હા ! તમાચો લગાવ્યો. હું યે જ્યારે તજી જગત આ અન્ય કો લોકમાંથી જોવા મારાં પ્રિયજન બધાં કોક એકાંત રાતે આવું પાછો કદીક અહીં જો, ત્યારે આ ભોમમાંથી 'જા, જા, પાછો !' સ્વર રણકશે ? ને વળી ક્રૂર હાથે હૈયું મારું કચરી, ચીરી આ ભોમ ભૂંડી મજાકે, પાછા મારા પગ રહી હશે વાળી હા! એમ ના કે ?

### ⌘ આદમી ⌘

**પ્રો. સુમન અજમેરી અમેરિકા**

હા આદમી છે, આદમી ગૌરવહીન
ફૂંકો નહિ, છે તીવ્ર અંગારા દીપ્ત.
ઠોકર જરી, થાકી રડી ઊઠે હારી
ખુશી જરા, ખીલી ઊઠે જો હો ખિન્ન
ધક્કો જરા લાગ્યો સર્પિણી શો ક્રુદ્ધ
હરખાય થોડુ, ડોલતી જાણે બીન.
લાગે ઢીલોઢફ પંગુ કંગાળ ખચિત
હંફાવી સૂરજને શકે, શક્તિ રહિત.
ઊંચો શિખરથી ને ઊંડો સિંધુથીય
ભીરુ છતાં ઝિઝકે ન, કુરબાની પ્રીત.

### ⌘ સંકલ્પ ⌘

**પ્રવીણ વાઘાણી**

જો હોય કો શ્વેત કેશધારી મા
એકલી દૂર પુરાણા ઘરમાં
ઊઠાવો કલમ ને લખો એક પત્ર
બહુ મોડુ થઈ જાય તે પહેલાં !
રાહ ન જુઓ કદી તેના હાથ કાંપશે
ધૂંધળું દેખાય ન પૂરું સાંભળી શકે
કહો આજ, હમણાં જ, તમે ચાહો એને
જે તમે વિચારો છો વારંવાર !
અગર કોઈ મીઠો સંદેશ મોકલવો
કે સ્નેહના બે શબ્દો છે કહેવાના
નજીક જઈ હાથ પકડી કહી દો પ્રેમે
રખે સમય સરકી જાય અનંતમાં !
કોને ખબર કેવી કટુ યાદ સતાવશે
કરતા રહેશો જો વિલંબ અંત પર્યંત
ઊઠો, જાગો, ભેટી પડો પ્રેમથી
જીવનરસ સૂકાઈ જાય તે પહેલાં !
આપણે વર્તમાનમાં જીવનારા
ભવિષ્યની કોઈને ખબર નથી
કાલે શું થશે કોણ જાણે
આજ હાથમાં છે, આજ જીવી લો !
કિસ્મતથી જે સમય મળ્યો છે
વિચારોમાં ન એ ગુમાવી દો
વાપરી લો માણી લો ખજાનો દિલનો
બહુ મોડુ થઈ જાય તે પહેલાં !
કહી ન શક્યા જે સ્નેહના બે શબ્દ
મોકલ્યો નહિ જે લખેલો પત્ર
સંદેશા જે ભૂલાઈ ગયા
રહી જશે દિલમાં જ દિલની વાત !
એક અસહ્ય તડપન રહી જશે દિલમાં
કોઈ પ્યારાં રાહ જોતાં રહી જશે
કહી દો બધાને પ્યારની એ વાતો
રખે રહી જાય હૃદયની વાત હૃદયમાં !

### ⌘ ગઝલનું ગાડુ ⌘

**વિનય કવિ, યુકે**

લઈને થોડુ નવું થોડુ પુરાણું,
ભાઈ હંકે રાખો ગઝલનું ગાડુ.
પાનખરમાં કોઈ ગોતે બહાર,
તો માગે કોઈ કંટકોના હાર,
વાઢો ચમનને ઊભું ને આડુ,
ભાઈ હંકે રાખો ગઝલનું ગાડુ.
કોઈ રસિયા સાકી ને શરાબના,
કોઈ ઘેલા હસીનોના શબાબના,
છે જૂના બાટલા ને એનો એજ દારૂ
ભાઈ હંકે રાખો ગઝલનું ગાડુ.
પૂજારી કોઈ પાકા પરંપરાના,
એ જ મજનૂ ને એ જ લયલાના,
સિદ્ધપુરની જાત્રા ને સસ્તું ભાડુ,
ભાઈ હંકે રાખો ગઝલનું ગાડુ.
નવા ચીલાને નામે નર્યો ગોટાળો,
બકરી અને ઊંટની ઉપમાઓ,
ના ભાવ કે ના અર્થનું ઠેકાણું,
ભાઈ હંકે રાખો ગઝલનું ગાડુ.
ન લખનાર જાણે શું એણે લખ્યું,
ન સમજે સાંભળનાર કાને પડ્યું,
થવા દો તોય વાહવાહનું ગાણું,
ભાઈ હંકે રાખો ગઝલનું ગાડુ.
મારી હાળી આ પણ મોટી પઝલ,
છે ગુજરાતી કે ગુજલિશ ગઝલ ?
ભેળસેળનું છે ભારે ડીડવાણું,
ભાઈ હંકે રાખો ગઝલનું ગાડુ.
શબ્દો બેચાર હિંદી-ઉર્દુના લાવો,
વચ્ચે ધીસ ને ધેટને ઘુસાડો,
કરો ખીચડો ને ફાકો ચવાણું,
ભાઈ હંકે રાખો ગઝલનું ગાડુ.
ક્યુંબર છે કાફિયાનું, ચાલશે,
અને રીંગણાં રદીફના, હાલશે,
લો થયું તૈયાર ગઝલનું ભાણું,
ભાઈ હંકે રાખો ગઝલનું ગાડુ.
છે ગાંડી ગઝલ તો હઝલ છે ભૂંડી,
ના જોઈએ કશી દિમાગની મૂડી,
જાણે મેલ્યું હોય છુટ્ટું કોઈ પાડુ,
ભાઈ હંકે રાખો ગઝલનું ગાડુ
**('દિલ એક દર્દ હજારમાંથી)**

### ⌘ નાતાલ ⌘

**પ્રવીણ પટેલ 'શશી', અમેરિકા**

તાલ વગરના દિવસો,
થયું, તાલી પાડી ઉજવું નાતાલ
ઓહ, બાકી હજી તો બે દિવસો,
વિચારું, કરીશ શું, હું નાતાલ ?
સૂસવાટા મારે છે દિવસો,
ને થઈ હિમવર્ષા, પહેલાં નાતાલ
ધોળા, સફેદ, શ્વેતાચ્છિદ દિવસો,
આર્ટિક પવને, ઠરશે શું નાતાલ?
મારે તો નિવૃત્તિના દિવસો,
જાણે કે હર દિવસ બસ નાતાલ
માંડ્યા ખરવા પાનખર દિવસો,
કેમ નથી આવતી વસંતે નાતાલ ?
સિટીબેન્કના કપરા દિવસો,
શ્વસે ચિંતા ઊર્મિલા આ નાતાલ
મંદીમાં ડૂબ્યા અર્થતંત્રના દિવસો,
જોબ જાય તો કેવી હશે નાતાલ ?
'બ્લેક આઈસે' સરકે દિવસો,
પણ, ટ્રી મૂક્યું લીલું, આ નાતાલ
રંગ, રોશની ને રૂપકડા દિવસો,
ભાસે કેમ છતાં નિસ્તેજ નાતાલ ?
આવે છે, ને જાય છે દિવસો,
પણ, હાજર સાન્તા, હર નાતાલ
'કેઅર અને શેઅર'ના છે આ દિવસો.
કોણ કોને ભેટશે આ નાતાલ ?
નથી ગણતો હવે હું દિવસો,
ભલે આવે, આજે હવે નાતાલ
મસિહા બનવા જેવા આ દિવસો,
માનવી માનવ બનશે શું નાતાલ ?

### ⌘ ધોળાં વાદળિયાં ⌘

હરિહર ભટ્ટ('એક જ દે ચીનગારી'માંથી)

ચાર માસ એ પૂરા વરસ્યાં
ચાર માસના ભોજન પીરસ્યાં
પાયા તરુ ને પ્રાણી તરસ્યાં.
કાળા ઘન જેવી નહિ કાન્તિ
નિર્બળતાની થાયે ભ્રાન્તિ
તોયે મન વરસ્યાની શાંતિ.
જીવન ફરીને ભરવા માટે
કાર્ય ફરીને કરવા માટે
ચાલ્યાં ફરીને એ નિજ વાટે.

## જમણો હાથ

'બેટા, ડાબો હાથ નહી, જમણો હાથ આગળ ધર'. નાનો દીકરો પ્રસાદ લેવા માટે ડાબો હાથ આગળ ધરતો હતો તેને માએ ટોક્યો. દરેક પ્રકારના ધાર્મિક કામમાં જમણો હાથ જ આગળ ધરાય એ પરંપરા છે. પ્રસાદ આપો કે લો,, આરતી લો, આરતીમાં પૈસા મૂકો, દક્ષિણા આપો, ભગવાનને પુષ્પ ધરો, પૂજા કરો, કોઈના ચરણસ્પર્શ કરો, જમણવારમાં પીરસવાનું હોય, એ બધું જમણા હાથે જ કરાય. આપણને એમ કહેવામાં આવ્યું છે કે ડાબો હાથ અશુદ્ધ છે જ્યારે જમણો હાથ પવિત્ર છે એટલે સારા કામમાં ડાબો હાથ વાપરો તો અપશુકન ગણાય. પણ ઈશ્વરે આપણા શરીરમાં ઘણું બબ્બે આપ્યું છે. બે આંખ, બે કાન, બે નસકોરા, બે હાથ, બે પગ, બે સ્તન, વગેરે. એ બધામાં જમણા-ડાબા વચ્ચે કંઈ ફરક નથી. પણ હાથની બાબતમાં આપણે વ્યવહાર અને ઉપયોગને કારણે ડાબા-જમણાનો તફાવત ઊભો કર્યો છે.

આ તો થઈ ધાર્મિક માન્યતાની વાતો. પણ સાધારણ રીતે જુઓ તો મોટા ભાગના શારીરિક કાર્યોમાં એક જ હાથનો ઉપયોગ થતો હોય છે. અને પરંપરાથી માણસજાત જમણો હાથ પસંદ કરતી આવી છે. આમ જમણા હાથને શીખવાનું જાઝું મળે છે એટલે એ કુશળ થાય છે અને તેને કસરત વધારે મળે એટલે ડાબા હાથ કરતાં થોડો વધારે મજબૂત પણ બને છે. એટલે જ રાજાના વજીરને કે કોઈ શેઠનો અગત્યનો માણસ હોય તેને 'જમણો હાથ' કહેવામાં આવે છે.

બાળક જ્યારે લખતાં શીખે ત્યારે તેને પેન જમણા હાથમાં પકડાવવામાં આવે છે, અને તે જમણા હાથે જ લખવાનું શીખે તેની ખાસ કાળજી લેવામાં આવે છે. આમાં જો કે વૈજ્ઞાનિક કારણ પણ છે. આપણું લખાણ ડાબેથી જમણે તરફ જાય છે. જમણા હાથે લખતી વખતે લખેલા અક્ષર પર હાથનો પડછાયો પડતો નથી કે આંખને અક્ષર જોવામાં હાથ આડો આવતો નથી એટલે તે બરાબર જોઈ શકાય છે જેથી લખવાનું સરળ અને સુઘડ રહે છે.

બધી બેંકોની ચેકબુક અને ડિપોઝીટ બુક જમણા હાથે લખતા માણસોને ફાવે એવી હોય છે. એક મિત્ર જે ડાબે હાથે લખતા હતા તેમને ચેક લખતી વખતે પરસેવો વળતો હતો.

આપણે જોવાનું બંને આંખે હોય, સાંભળવાનું પણ બંને કાને હોય છે, બે પગે ચાલીએ છીએ, તેમાં ડાબા કે જમણાનો ક્યાંય ફરક નથી હોતો. કથા જમણા કાને જ સંભળાય કે મંદિરમાં દર્શન ફક્ત જમણી આંખે જ થાય એવો નિયમ કેમ નથી ? તો પછી હાથની બાબતમાં કેમ આમ બન્યું છે ? (ડાબી આંખ ફરકે તો અમંગળ થાય અને જમણી આંખ ફરકે તો મંગળ થાય એવું મનાય છે ખરું - જો કે આંખ ફરકવામાં વૈજ્ઞાનિક કારણ હોય છે.)

મને નાનપણમાં એમ સમજાવવામાં આવ્યું છે કે આપણે હાજતે જઈએ ત્યારે ડાબો હાથ સફાઈ માટે વપરાય છે એટલે એ અશુદ્ધ કહેવાય. પણ આપણે જો હાથ સાબુથી ધોઈને સ્વચ્છ કરીએ તો પછી એ અસ્વચ્છ રહે ? પણ બધા એવું નથી કરતા એટલે આ તફાવત રાખવામાં આવ્યો છે. પણ પશ્ચિમમાં લોકો ટોયલેટ પેપર વાપરે છે અને જાણવા પ્રમાણે જમણા હાથનો ઉપયોગ જ ફાવે છે. અને જે સાબુથી હાથ ન ધૂએ તેમનો જમણો હાથ પણ અશુદ્ધ જ રહે ને ? પાશ્ચાત્ય પદ્ધતિ પ્રમાણે હસ્તધૂનન કરવા માટે જમણો હાથ જ આગળ ધરાય છે. ભૂલે ચૂકે ડાબો હાથ લંબાવાય જાય તો હસ્તધૂનન તો ન જ થાય પણ કોઈવાર સામેવાળાને અપમાનજનક પણ લાગે. અને તમે તેમની સાથે હસ્તધૂનન કરો તો તેની અશુદ્ધતા અને તેના હાથ પરના જંતુઓ તમારા હાથ પર જરૂર ચોંટવાના. એટલે એ પછી સેન્ડવીચ ખાવાના હો તો પહેલાં હાથ ધોવા હિતાવહ ગણાશે. આપણામાં તો રિવાજ છે કે જમવા બેસતાં પહેલાં કે ખોરાકને હાથ લગાડતાં પહેલાં હાથ-પગ ધોવાના.

ડાબો હાથ જાણે હંમેશાં જમણા હાથની સેવા કરવા હાજર હોય. ડાબો હાથ શાક ઝાલે, જમણો સમારે અને કામ કરતાં જમણાની ભૂલ થાય તો ડાબા હાથના આંગળાને ઈજા થાય. ડાબો ખીલી ઝાલે ને જમણો તેના પર હથોડી ઠોકે ને એમ કરતાં જો જમણો ચૂકી જાય તો ઈજા ડાબાના અંગુઠાને થાય ! ડાબો હાથ લાકડું ઝાલે, જમણો કરવત ચલાવે. આમ એવા ઘણા કાર્યો છે જેમાં ડાબો 'મજુર'નું એટલે કે 'બ્લુ કોલર વર્કર'નું કામ કરે જ્યારે જમણો કુશળતાનું એટલે કે 'વ્હાઈટ કોલર વર્કર'નું કામ કરે.

જમણા હાથને 'સીધો હાથ' અને એની સરખામણીમાં ડાબા હાથને 'અવળો હાથ' કે 'ઉલટો હાથ' પણ કહેવામાં આવે છે. 'એક અવળા હાથની પડશે ને. . .' ઉક્તિ બહુ જાણીતી છે. ઘરમાં કોઈક વસ્તુ મળતી ન હોય ત્યારે શોધતી વખતે, 'અવળે હાથે ક્યાંક મૂકાઈ ગઈ છે.' એવું કહીએ છીએ. કેમ જાણે ડાબો હાથ હંમેશા ખોટું કામ કરતો હોય કે ભૂલ કરતો હોય ! ઉત્તરના હિન્દીભાષી પ્રદેશોમાં રીક્ષાચાલકને સૂચના આપવા માટે જમણી બાજુ વળવા માટે 'સીધે હાથસે. .', ને ડાબી બાજુ વળવા માટે 'ઉલટે હાથસે. .' એવા વાક્યો વપરાય છે.

રોજીંદા વપરાશના સાધનો પણ મોટે ભાગે જમણા હાથે જ વાપરી શકાય તેવાં હોય છે. કાતર જેવા સામાન્ય સાધનમાં અંગુઠો રાખવાના અને ચાર આંગળા માટેના ભાગને એ રીતે આકાર આપવામાં આવેલ હોય છે કે તે જમણા હાથે જ બરાબર ઝાલી શકાય. જો કે હવે ગોળ આકારના હાથાવાળી કાતર પણ બનાવાય છે પણ તેમાં એટલી ફાવટ નથી આવતી. શરૂઆતમાં 'પીલર' - શાકની છાલ ઊતારવાનું ચપ્પુ - પણ એવા આવતા કે તે જમણા હાથે જ વાપરી શકાય(મારી પાસે એક એવું છે, જે લગભગ ત્રીસ વરસ પહેલાં ખરીદેલું.). હવે બંને હાથે વાપરી શકાય તેવાં આવે છે.

લોન માવર સ્ટાર્ટ કરવા માટે ખેંચવાની દોરી પણ જમણા હાથ તરફ હોય છે. કાર સ્ટાર્ટ કરવાની ચાવી સ્ટીઅરીંગ વ્હીલના જમણા ભાગ તરફ હોય છે અને હા, અહી જમણા પગનો જ ઉપયોગ બ્રેક મારવા માટે અને એક્સિલરેટર દબાવવા માટે થઈ શકે. કમ્પ્યુટરના કીબોર્ડમાં 'એન્ટર' કી અને નંબરનું પેડ જમણી બાજુ હોય છે - કલ્પના કરો એક ડાબેરીને કેટલી તકલીફ પડતી હશે ?


અર્ધી સદી પહેલાં કેનેડામાં એક કંપનીએ ડાબેરીઓ માટેના સાધનો બનાવવાનું શરૂ કરેલું. પણ ગ્રાહકો સુધી તેમની વસ્તુઓ પહોંચાડવાની તકલીફ રહી. કોઈ દુકાનદાર એનો માલ રાખે તો પણ એણે ડાબેરીની રાહ જોવી પડે અને કોઈ ડાબેરી આવે ત્યારે એને જોઈતી વસ્તુ હોવી જોઈએ ને?

ક્રિકેટમાં ડાબા હાથે રમતા બેટસમેન કે બોલરનું ઘણું મહત્વ હોય છે. કારણ કે તે કઈ રીતે રમશે કે બોલ ફેંકશે તેની મનમાં ઘડ બેસાડવી જરા મુશ્કેલ રહે છે. ડાબેરી બેટીંગ કરતો હોય ત્યારે તેને માટે ફિલ્ડિંગ ગોઠવવા માટે કેપ્ટનને ઘણો વિચાર કરવો પડે છે અને ભૂલ થઈ જાય છે. તે જ પ્રમાણે સોકર અને ઑસ્ટ્રેલિયન રુલ્સ ફૂટબોલમાં ડાબા પગે કીક મારતા ખેલાડીને વધારે સફળતા મળવાના ચાન્સ હોય છે કારણ કે વિરુદ્ધ પક્ષનો ખેલાડી સાધારણતયઃ જમણા પગ પર નજર રાખતો હોય છે. એટલે તે રમતમાં ડાબા તથા જમણા બંને પગે કીક મારી શકવાની ક્ષમતા ધરાવતા ખેલાડીને વધારે સફળતા મળતી હોય છે. ટેનીસની રમતમાં જો એક જમણા હાથે રમતો અને એક ડાબેરી સામસામે આવી જાય તો એવી હાસ્યાસ્પદ ભૂલો થાય છે કે પ્રેક્ષકોનું સરસ મનોરંજન થાય છે. પણ એક રમત એવી છે કે જેમાં ડાબેરી ખેલાડીને લેવામાં નથી આવતા અને તે છે પોલોની રમત. કારણ આમાં ઘોડા પર બેસીને રમવાનું હોવાથી સામસામા ખેલાડી એક જ તરફના હાથથી, એટલે કે જમણા હાથથી, રમતા હોય તો જ રમત રમી શકાય. (સિવાય કે બંને ટીમના બધા જ ખેલાડી ડાબેરી હોય.)

ડાબા હાથે કામ કરતા માણસો અપવાદજનક હોય છે એટલે તેમની ઓળખ માટે 'ડાબેરી' શબ્દ વપરાય છે. પણ મોટા ભાગના માણસો જમણા હાથે કામ કરતા હોય છે એટલે તેમની ઓળખની જરૂર નથી કે તેમને 'જમણેરી' કહેવામાં નથી આવતા !

દુનિયાભરમાં એમ માનવામાં આવે છે કે સ્ત્રીઓ 'ડાબેરી' હોય છે એટલે કે તેમને ડાબા હાથે કામ કરવું વધારે ફાવે છે. સ્ત્રીઓના બ્લાઉઝ, ખમીશ, કોટ, કાર્ડીગન વગેરેના બટનો ડાબી બાજુ હોય છે. એકવાર એક માણસે એના નાના બાબા માટે બુશકોટ ખરીદ્યો. પણ તેમાં બટન ડાબી બાજુએ હતા. બાબાને એ પહેરવો ફાવ્યો નહિ. 'આ તો છોકરીનો છે' એમ કહી તેણે પહેરવાની જ ના પાડી. ભારતમાં સોનાચાંદીના દાગીનાના સ્ક્રુ અવળા આંટાના હોય છે, એમ માનીને કે સ્ત્રીઓને ડાબા હાથે બંધ કરવા માટે અવળા આંટા વધારે ફાવે.

વૈજ્ઞાનિકો અને તબીબોનું કહેવું છે કે નિવૃત્ત થયેલા માણસનું મગજ પ્રવૃત્તિના અભાવને કારણે નબળું પડી જાય છે અને તેની અસર શરીર પર થાય છે. જીવનને લંબાવવા માટે, અને આ કોની ઈચ્છા નથી હોતી, મગજને સતત કામ આપતા રહેવું જોઈએ. આમાં એક પ્રયોગ કરવા જેવો છે. તમે જે કામ સ્વાભાવિક રીતે જમણા હાથે કરતા હો તે બધા ડાબા હાથે કરવાનો પયત્ન કરો. નાના, સાદા કામોથી શરૂઆત કરી શકાય. જેવાં કે દાઢી કરવી, માથું ઓળવું, ટૂથબ્રશથી દાંત સાફ કરવા, રોટલીના બટકા કરવા, ચમચીથી ખાવું, દડો ફેંકવો, ચાવીથી તાળું ખોલવું, શાક સુધારવું, વગેરે, વગેરે. તમારી કલ્પનાનો દોર ઢીલો મૂકો. જુઓ, કેવી મજા આવે છે ?



# નૃસિંહાવતાર - અમેરિકામાં

હરનિશ જાની, અમેરિકા

એક ઉખાણું - જગતનો એવો ક્યો દેશ હશે કે જેના પ્રમુખ ક્રિશ્ચિયન હોય, તેણે કુરાન પણ વાંચેલું હોય(ભણેલા હોય) અને ગજવામાં 'ગુડલક' માટે હનુમાનજીની મૂર્તિ રાખતા હોય ? જેની માતા શ્વેત અમેરિકન હોય અને બાપ અશ્વેત આફ્રિકન હોય ? પ્રાથમિક અભ્યાસ ઈન્ડોનેશિયામાં કર્યો હોય અને કોલેજ અમેરિકામાં કરી હોય ?

મારા અને તમારા જીવન દરમિયાન અમેરિકામાં એક અદ્ભુત ઘટના બની રહી છે. લોકો કહે છે કે ઈતિહાસ રચાઈ રહ્યો છે. મારા મુસ્લિમ મિત્ર કહે છે કે ઓબામાને અલ્લાહે મોકલ્યો છે. હું કહું છું કે 'સંભવામિ યુગે યુગે' આ તો અમેરિકન નૃસિંહાવતાર છે,

થોડા વખત પહેલાં મેં એક વાત લખી હતી કે અમેરિકા હજુ આફ્રિકન અમેરિકન, જ્યુ, મુસ્લિમ કે સ્ત્રીને પ્રેસિડન્ટ તરીકે સ્વીકારવા તૈયાર નથી. આ વાત મારા રોજિંદા જીવનના અવલોકન પરથી મેં લખી હતી. શ્વેત પ્રજાના મારા સંપર્ક અને મારા અનુભવ પરથી એક વાત ચોક્કસ હતી કે હજુ આ દેશમાંથી રંગદ્વેષ સદંતર ગયો નથી. મેં એક વાત નોંધી છે કે મારા શ્વેત મિત્રો મને એકલા મળે ત્યારે એક વ્યક્તિ તરીકે વર્તે છે, જ્યારે શ્વેત લોકોનો સમૂહ તો એક શ્વેત ટોળું જ બની જતું હોય છે, અને તે જુદું જ વર્તન કરતું હોય છે, જેમાં મારા જેવાનું સ્થાન ન હોય ! એ વાત કોઈ પણ ટોળા માટે સાચી હોય છે. આ ટોળાની સાયકોલોજિ હોય છે.

અમેરિકામાં ચુંટણીના એક અઠવાડિયા પહેલાં બારાક ઓબામાના વિજયની મારા મનમાં ઊંડી ખાતરી રહેતી હતી. પણ છેલ્લા દિસોમાં સામા પક્ષવાળા રિપબ્લિકનોએ કાદવ ઉછાળવાનું ચાલુ કરી દીધું હતું. લોકોનું ધ્યાન ખેંચવા ટી.વી. ઉપર ઓબામાનું પૂરું નામ 'બારાક હુસૈન ઓબામા' બોલાતું રહ્યું. મુસ્લિમ નામ 'હુસૈન' કોઈપણ અમેરિકનને ભડકાવવા માટે પૂરતું છે. ૨૦૦૪ની ચૂંટણીની જેમ દરેક ચર્ચમાં ઈરાકના યુદ્ધને ધર્મયુદ્ધનો સિક્કો લગાવવાનું ચાલુ થઈ ગયું. બીજા ઉમેદવાર મકૈન કહેતા કે સાચા અમેરિકનોએ ઓબામાને મત ન આપવો જોઈએ. સાચા અમેરિકનો એટલે શ્વેત પ્રજા. અને આ શ્વેત પ્રજાના સહકાર વિના ઓબામા જીતી ન શકે. આ પ્રચારને લીધે મારો ઓબામાની જીતનો વિશ્વાસ ડગવા માંડયો હતો. ઓબામા ટેરરિસ્ટો સાથે સંબંધ ધરાવે છે એ વાત ક્યાંકથી ખોદી કાઢીને વાઈસ પ્રેસિડન્ટ પદના ઉમેદવાર સેરાહ પેલિન જાહેરમાં પૂછતાં, 'ખરેખર આ ઓબામા છે કોણ ?' તેમનું કહેવું હતું કે ઓબામા ટેરરિસ્ટ છે. ભૂતકાળમાં તેમનો નાતો ટેરરિસ્ટો સાથે હતો. પરંતુ બુશસાહેબના દેશપ્રેમના ટેરરિઝમથી કંટાળેલા લોકોએ એ ન જ સાંભળ્યું.

ચોથી નવેમ્બરે રાતના સવા અગિયારે હું બારાક ઓબામાનું વિજય સંભાષણ સાંભળતો હતો અને મારા જેવા બુદ્ધિજીવીઓની આંખોમાંથી આંસુ સરતાં હતાં કારણ એ ભાષણ નમ્રતા અને આશાઓથી ભરપૂર હતું. આંસુઓ આનંદ અને આશાનાં હતાં.

બુશના રાજ્યમાં, દેશની સાથે મને ખુદને વ્યક્તિગત રીતે પણ ગવર્નમેન્ટની પોલિસીને કારણે આર્થિક મુશકેલીઓ આવી હતી. મારી પત્નીએ મને ૨૦૦૦ની સાલમાં કહ્યું હતું કે આપણી 'સાડા સાત વરસની શનીની પનોતી બેઠી છે' આજે લાગે છે કે એ 'શની મહારાજ' એટલે આ બુશ મહારાજ જ ! અને અમારી એકલાની જ નહિ પણ આખા અમેરિકાની પનોતી ચાલતી હતી અને એ પણ પૂરા આઠ વર્ષની. બાકી ક્લિન્ટન સાહેબે આપેલા તિજોરીના ચાર હજાર અબજ ડોલરનો ધૂમાડો કરીને અમેરિકાને માથે દશ હજાર અબજ ડોલરનું દેવું ઠોકી બેસાડયું છે તે પનોતી જ કહેવાયને ?

અમે સવારે મતદાન કર્યા પછી સાંજના પાંચ વાગ્યાથી ટી.વી. સામે ગોઠવાઈ ગયાં હતાં. અમારા બધા મિત્રોના, ખાસ કરીને ગુજરાતી મિત્રોના, ફોન ચાલુ થઈ ગયાં હતાં. ઘણા તો ઓબામાના કેમ્પમાં વોલન્ટિયર રહ્યા હતા. આજ સુધીમાં મેં નવ પ્રમુખની ચૂંટણીમાં મતદાન કર્યું છે. નવ વખત પ્રમુખોને વિજય સ્વીકારતા મેં જોયા છે - સાંભળ્યા છે. આ બધું હજારોની હાજરીમાં કોઈ હોલમાં થતું હોય છે. આ વખતનો પ્રસંગ અદ્ભુત હતો. શિકાગોના પાર્કમાં દશ લાખની મેદની સમક્ષ ઓબામાએ પોતાનો વિજય સંદેશ આપ્યો જે જગત આખાએ સાંભળ્યો અને હર્ષના આંસુ સાથે વધાવ્યો. અમેરિકન પ્રમુખની ચૂંટણીમાં આ એક અનોખો પ્રસંગ હતો. આ ઓબામા હજુ તો ચૂંટાયા જ છે, પ્રમુખ થયા નથી, હજુ કોઈ પરાક્રમ એમને ખાતે જમા થયું નથી ને આવું સ્વાગત ? આનો યશ બુશ સાહેબને ફાળે જાય છે. તેમણે જ ઓબામાનો વિજય શક્ય બનાવ્યો. શિકાગોમાં એકઠા થયેલા આ દશ લાખ લોકો કોણ હતા ? બેકારો, ઘરબાર વિનાના, મેડિકલ ઈન્સ્યોરન્સ વગરના, કોલેજ સ્ટુડન્ટસ, સજાતીય યુગલો, આફ્રિકન અમેરિકનો, શ્વેત અમેરિકનો, સ્પેનીશ, ચાઈનીઝ, ક્યુબન, એશિયન્સ, ટૂંકમાં સર્વ ધર્મ, રંગ, દેશ, જાત, વગેરેના લોકો ઉમટયા હતા. બુશ સાહેબના કારભારથી લોકોની નોકરી જતી રહી, ઘર જતા રહ્યા, મોંઘવારી વધી ગઈ. ઈરાક અને અફઘાનિસ્તાનના યુદ્ધમાં દર મહિને દશ અબજ ડોલર વપરાય છે. અને તે સાથે કોલેજના વિદ્યાર્થીઓની ફ્રીશીપમાં કાપ મૂકાય છે. આ દશ લાખનો સમૂહ એટલે ૯૫ ટકા મધ્યમવર્ગનો સમૂહ જેમને ઓબામા ટેક્સમાં રાહત આપવાના છે. એમની પાસે આ જ એક આશા હતી.

એકલા અમેરિકનોને જ કેમ ? આખા જગતને ઓબામાની આશા હતી. કારણ, અમેરિકા એકલામાં જ નહિ, દુનિયાના બધા દેશોમાં આર્થિક મુશકેલીઓ ઊભી થઈ છે. આપણા જીવન દરમિયાન એક અદ્ભૂત ઘટના બની રહી છે. ઈતિહાસ રચાઈ રહ્યો છે. અમેરિકાની આ પાર્ટીમાં દુનિયા આખી જોડાઈ રહી છે. કેનિયામાં, દેશ આખામાં 'નેશનલ હોલીડે' જાહેર કરાયો છે. ઓબામાની દાદીને કારણે આયર્લેન્ડમાં લોકો નાચ્યા. ઈન્ડોનેશિયામાં ફટાકડા ફૂટયા. અને મારા સુજલામ્ સુફલામ્ દેશમાં હોમ-હવન થયા. જ્યાં ક્રિકેટના મેચ જીતવા હવન થાય, ત્યાં આ હનુમાનજીના ભક્ત માટે તો થવા જ જોઈએ ને ? અને એ જીત્યા પછી પણ હવનો થાય છે. બાલાજીના કોઈ વિદ્વાને તો ઓબામાએ ક્યા ચોઘડિયામાં વ્હાઈટ હાઉસમાં જવું તે મુહૂર્ત પણ જોઈ રાખ્યું છે ! વાસ્તુશાસ્ત્રવાળાઓ જાણે છે કે ઓબામા હવે ઓવલ ઓફિસ ખસેડવાના નથી. એટલે સમજીને જાહેર કરી દીધું કે એમની ઓફિસ વાસ્તુશાસ્ત્ર પ્રમાણે યોગ્ય જગ્યાએ જ છે. હવે બનારસથી પંડિતોનું મંડળ જાન્યુઆરીની ૨૦મીના રોજ ઓબામાની કુંડળી બનાવીને અમેરિકા આવે તો નવાઈ નહિ ! હવે અમેરિકા પણ કોઈ ચમત્કારની જ રાહ જુએ છે, આતુરતાથી. (૦૬ નવેમ્બર ૨૦૦૯ )

૨૦ જાન્યુઆરી ૨૦૦૯ના દિને અમેરિકાના ચુંટાયેલા પ્રમુખ શ્રી બારાક હુસૈન ઓબામા વ્હાઈટ હાઉસમાં પ્રવેશ કરશે. જગત આખું એ ક્ષણની રાહ જુએ છે. પરંતુ ઓબામા એ ક્ષણની રાહ નથી જોતા. એમનાં સાસુમા પહેલા દિવસથી પોતાની દીકરી અને જમાઈ સાથે વ્હાઈટ હાઉસમાં રહેવા જવાના છે. જમાઈ અને દીકરીને નવા ઘરનો જેટલો આનંદ છે તેથી વધુ સાસુમાને છે! ઓબામા ફેમિલી સાથે જ્યારે નવું ઘર જોવા પહેલીવાર આવ્યા ત્યારે કારમાંથી કૂદકો મારીને સાસુમા પહેલા ઉતર્યા હતા અને વ્હાઈટ હાઉસના પ્રોટોકોલનો ભાંગરો વાટયો હતો. તેમણે જાહેર કરી દીધું છે કે જમાઈ સવારની પહેલી કોફી તો પોતાના હાથની જ પીએ છે. જમાઈને તેમના હાથની ઈન્ડોનેશિયન સ્ટાઈલ બિરિયાની બહુ ભાવે છે અને તે અડધી રાતે પણ તે પ્રેમથી બનાવી શકે. અને તેથી તેમણે જમાઈ જોડે વ્હાઈટ હાઉસમાં જ રહેવાનું નક્કી કર્યું હોય.

મને લાગે છે કે બિચારા બારાકભાઈને માથે બબ્બે બોસ બેસશે. જગતની ચાવી અમેરિકા પાસે છે, અમેરિકાની ચાવી ઓબામા લઈને બેઠા છે. પુરુષની ચાવી હંમેશાં સ્ત્રી પાસે હોય છે એટલે ઓબામાની ચાવી એમના પત્ની મિશેલ પાસે છે અને માતાજી પાસે દીકરી મિશેલની ચાવી છે. કઈ દીકરી માનાં આંસુ જોઈ શકે ? એટલે ધાર્યું સાસુમાનું થશે ! ટેક્નિકલી ભલે મતદારોએ મત ઓબામાને આપ્યા હોય પરંતુ ચૂંટયા છે સાસુમાને !

ઓબામા લોયર હતા, પછી સેનેટર થયા ત્યારે તેમના સ્ટાફને નવા બોસ મળ્યા હતા. હવે તે વ્હાઈટ હાઉસના સ્ટાફના બોસ થયા. ઓબામા સાહેબ ભલે નોકરીઓ બદલ્યા કરે પરંતુ ઘરમાં તેમના બોસ તો તેના તે જ છે - એમનાં પત્ની અને પત્નીના માતાજી ! ઓબામાનું તો બિચારાનું આવી બન્યું છે. સ્ત્રીઓ સાથે આજીવન સંઘર્ષ કરવાનો છે. ઘરમાં બે દીકરીઓ પણ છે. પુરુષ કદાચ પત્નીને ખોટું લાગવા દેશે (હિંમત હોય તો !) પરંતુ દીકરીની આંખમાં આંસુ ન જોઈ શકે. બ્રિટનના વડાપ્રધાન કે રશિયાના પ્રમુખ જોડે ભલે ને જોરદાર મિટિંગ પતાવીને વ્હાઈટ હાઉસમાં આવ્યા હોય પણ સાત વરસની સાશા જો ડેડીને ઘોડો બનાવવા માગતી હોય તો બારાક સાહેબે બેટીને પીઠ પર બેસાડવી જ પડશે. મને બરાબર યાદ છે. મારી બે દીકરીઓ મને ઘોડો બનાવતી - એક પીઠ પર બેસતી અને બીજી ચાબુક મારતી. દીકરીઓ તો હવે મોટી થઈ ગઈ છે પણ પેલી ચાબુક તો ઘરમાં જ છે અને તે હવે પત્નીના કબજામાં છે. અનુસંધાન પાના ૫ પર.



## તાલ-નાતાલ • •.

-પ્રવીણ પટેલ 'શશી', અમેરિકા

'થેન્ક્સ ગિવિંગ', એ નવેમ્બર માસનો મોટો તહેવાર છે. આભારની અભિવ્યક્તિ કાજે શહેરોમાં સરઘસ-પરેડો નીકળે. ન્યૂ યોર્કની 'મેસી' આયોજિત પરેડ જોવા તો લોકો કિડીયારાંની જેમ ઉમટે ! છેલ્લે સ્લેજ ગાડીમાં અસ્વાર ધોળી દાઢી અને લાલ ડગલો પહેરેલા **સાન્તા ક્લોસ** પધારે. આભાર દર્શન કે આભાર પ્રદર્શન, શું ચાલી રહ્યું છે ?, એ સવાલ તો અદ્ધર જ રહે, પરંતુ હલાલ ટર્કીની જયાફત તો અચૂક ઉડે ! શાકાહારી મા-બાપોનાં સંતાનો હવે આ જમાતમાં આવી ગયાં છે, અહીં જન્મે પછી અમરિકી તરીક્કા તો અખત્યાર કરવા જ પડે ને ?

ખરું પૂછાવો તો 'થેન્ક્સ ગિવિંગ'થી ક્રિસ્ટમસ સીઝનનો આરંભ થઈ જાય છે. જતાંને જાકારો ના આપતાં, વર્ષનાં આખરી માસનું આપણે ઉમળકાભેર સ્વાગત કરીએ છીએ, ખાસ તો છેલ્લા કેલાક દિવસો ઉપર સર્વની મીટ મંડાયેલી હોય છે. કેમ ?, તો આશા, આનંદ અને ઉલ્લાસનો આ મહિનો છે. ૨૫મી ડીસેમ્બરે તો પાછી ક્રિસ્મસની રજા પણ ખરી ! રજા એટલે મજા, વળી આગળના દિવસે કામકાજ આટોપી સહુ વહેલાં ઘરભેગાં પણ થવા માંડે.

ઈશુ મસિહાના જન્મદિવસની ખુશાલી પેટે ક્રિસ્મસની ઉજવણી થાય છે. આપણે આને નાતાલ કહીએ છીએ. વર્જિન મેરીનું એ સંતાન અર્થાત્ દૈવી કૃપા થકી એનો પાદૂર્ભાવ થયેલો. માટે એમને સન ઓફ ગોડ - ઈશ્વર નો દીકરો કહેવાય છે. કેટલાક એમને પરમાત્માના સંદેહવાહક લેખે છે. કેથોલિક, પ્રોટેસ્ટન્ટ અને જિવોહા, ક્રિશ્ચાનિટીમાં સૈદ્ધાંતિક અલગતાવાદ પણ છે.

તલવારના જોરે ક્રિશ્ચાનિટીનો પ્રસાર થયો, ઈતિહાસ આનો સાક્ષી છે. પરંતુ, મૂળમાં દયા અને અનુકંપા છે, સાથે જમાના સાથેનો તાલમેલ છે, માટે દુનિયામાં એનાં ઘણાં અનુયાયીઓ છે. ગરીબોના બેલી અને જન ઉદ્ધારક તરીકે મિશનરી કાર્યવાહીની ગણના થઈ છે. નિમ્ન વર્ગ સુધી ખ્રિસ્તી ધર્મ પહોંચ્યો, એ સારી બાબત છે, જો કે એનાં તરીકા માટે ઉહાપોહ પણ થતો રહ્યો છે.

અમન, સહકાર, સદ્વર્તન અને ભાઈચારો, ક્રિશ્ચાનિટીના આધાર સ્તંભો છે, તો રંગ, રોશની અને રમણિયતા અભિવ્યક્તિનાં એનાં અંગ-ઉપાંગો છે. દુકાનો-સ્ટોરોમાં કાયાકલ્પ એવો થાય કે આંખોને બધું રૂડું જ લાગે. રૂડાંને રૂપનાં ડૂંડાં, કમ કિંમતે બધું સાંપડે પણ ખરું ! જાહેરાતો એવી આવે કે ખરીદી માટે માણસ તત્પર બની જાય. તત્પરને મૂંડવું આસાન. ચાલાક વ્યાપારીઓ પહેલાં કિંમતો વધારે અને પછી 'સેલ' અંતર્ગત માલ કપાતે આપે, આમાં જૂનો માલ પણ સરકાવી દેવાય. જેની આ સીઝન સારી, એને તો બસ પછી ઘી અને કેળાં ! સસ્તું બધું સારુ જ હોય, એવી કોઈ બાંહેધરી હોતી નથી. ખરીદનાર સજાગ હોય તો એને અવશ્ય લાભ પણ થાય.

ક્રિસ્મસ અંગે આપણાં મોટેરાંમાં અજ્ઞાનતા છે. સૂરજબા ક્રિસ્મસને કેરી જેવો રસ માને છે, તો ભૂધરદાને આ રસમાં કોઈ રસ નથી ! વૈષ્ણવી મુરલીધરે મારું સંભાષણ સાંભળતાં કાને આડા હાથ રાખી દીધા હતા !, શા કાજે એ ભ્રષ્ટ થાય ? ક્રિસ્મસ ટ્રી લાવી એને શણગારવું, એ રસમ આપણે બાળકો કાજે સ્વીકારી છે. અરે ! એમને માટે સેલમાં ખરીદી કરવા વહેલી સવારે સ્ટોરોમાં પહોંચી લાઈનોમાં ખડા રહેવાનું આપણે તપ પણ કરીએ છીએ. ડોલરનાં પાંચ ક્વાર્ટર ગોતવાની આપણી આદત એમ થોડી વિસારે પડે ?

કર્મચારી-કામદારોને ક્રિસ્મસ ટાણે બોનસ કે બક્ષિસ આપવાનો શિરસ્તો છે. ખીસ્સું આમ ભારે થાય પછી જોમ તો આવે જ ને ? જોશમાં હોશ ક્યાં ? હોંશે .. હોંશે, બસ નવું લાવવા જ માંડો.

ક્રિસ્મસ વખતે ભેટ-ગિફ્ટનું આદાનપ્રદાન થાય છે. આ બહાને જે પામે એને સામો યાદ રહે, ઈશુના ભાઈચારો બઢાવવાનાં આ સિદ્ધાંતની અખત્યારીમાં બન્યું છે એવું કે ભાઈઓ ચારો ચરવાના ચાળે ચઢી ગયા અને સ્ત્રીઓને ખરીદીની ચાનક લાગી ગઈ ! ગિફ્ટ લાવવી, અને આપવી, આમાં ગાડરિયાપણું આવી ગયું છે. ખપ વગરનું આપો એમાં પૈસાનો તો વ્યય થાય, છોગામાં ચીજ-વસ્તુઓ પણ એળે જાય ! પધરાવેલી એક વસ્તુ ફરતી ફરતી એક બહેન પાસે ત્રણ વર્ષે પાછી આવી, ત્યારે એમનું મોં વધાસીની ભાગોળ જેવું થઈ ગયું હતું !

આનંદનાં અતિરેક કાજે પાર્ટીદોર આરંભાય, જામથી જામ ટકરાય, ચાર હોઠ ભેગા થાય અને ખબર પણ ના પડે ! પીને લોકો એવા છાકટા બને કે ખુદનું ભાન પણ જતું રહે ! છેડછાડના બનાવો પણ ઘણા બને. નાતાલ ટાણે તાલીઓના તાલે ચર્ચમાં હવે ગરબા પણ થવા માંડ્યા છે. શુભેચ્છા કાર્ડો એટલા બધા આવે કે ના પૂછો વાત !

ક્રિસ્મસ ટ્રી કાપવાં, કેટલી બધી લીલોતરી સફા થઈ ગઈ, આનો આપણને જરાય અંદાજ જ નથી ! તહેવારો પછી આના નિકાલનો પ્રશ્ન પણ પાછો ખરો ! શુભેચ્છા કાર્ડોને પણ ગાર્બેજ જ કરી દેવાનાં ! બિલો આવે ત્યારે જૂઓ પડી હોય અને માથું ખંજવાળવું પડે એવી દશા થઈ જાય !

બન્યું છે એવું કે ક્રિસ્મસનો મર્મ જ આપણે વિસરી ગયા છીએ. બંધુત્વ એટલે એકબીજા પ્રત્યે સદ્ભાવ અને સમભાવ. એકાત્મતા વગર આ શક્ય નથી. 'હું સર્વનો અને બધા જ મારા' આ ભાવ પ્રગટવો જોઈએ, અમલમાં મૂકાવો જોઈએ. આમાં નાત, જાત કે વાડાબંધી ના ચાલે. માણસ બનો તો જ માણસાઈની ખબર પડે. ખુદને ભૂલો તો બીજાનો વિચાર આવે. પરમાર્થ ત્યારે જ થશે જ્યારે સ્વાર્થ જશે. બીજાના સુખે સુખી, તો કોઈ દુઃખી જ ના રહે !

બીજાના દુઃખમાં ભાગીદાર બનો, જરૂરતમંદને અવશ્ય આપો, અમન-શાંતિનો પ્રસાર કરો, આ જ છે, મારા ભાઈ. સહી ક્રિસ્મસ. થઈ શકશે તમારાથી આટલું ? (નવા વર્ષના સંકલ્પ સાથે ક્રિસ્મસનો સંકલ્પ પણ એટલો જ જરૂરી છે.). આમેન !

⌘ ⌘ ⌘

## ઓબામા

પાના ૪ પરથી ચાલુ

તેમનામાં બધી વાતોનો સમન્વય છે. ધર્મે ક્રિશ્ચિયન છે એટલે યુરોપ ખુશ. નામ બારાક હુસૈન છે એટલે મુસ્લિમ રાજ્યો ખુશ. માતા શ્વેત છે એટલે અમેરિકનો ખુશ. પિતા અશ્વેત કેનિયન છે એટલે આફ્રિકા ખુશ. મોટા ઈન્ડોનેશિયામાં થયા, એશિયા ખુશ. જાણે નૃસિંહાવતાર. જગત આખું ખુશ છે. તેમના ગજવામાં હનુમાનજીનું લકી ચાર્મ છે એ જ તેમને હિંદુઓના પ્રિય બનાવવા માટે પૂરતું છે. તેમના શ્વેત ગૃહપ્રવેશની મંગલ ઘડીઓ તો ભારતમાં પણ ગણાઈ રહી છે. હોમ હવનો જે ચૂંટણી પહેલાંના ચાલે છે તે હજુ ચાલુ જ છે. કાશીના પંડિતોએ ઓબામા સાહેબ ક્યારે ગૃહપ્રવેશ કરે તેનું મુહૂર્ત મોકલી આપ્યું છે અને દક્ષિણના બાલાજીના વિદ્વાનોએ પણ મંગલ ચોઘડિયું મોકલી આપ્યું છે. હવે મજાની વાત એ છે કે બંનેનો સમય જુદોજુદો છે. ઓબામાનો સૌ પ્રથમ એજંડા ઈઝરાયલી ને પેલેસ્ટાઈનને શાંત કરવાનો નહિ પણ આ વિદ્વાનોને શાંત કરવાનો છે.(સંભવતઃ બંનેને રાજી રાખવા શ્રી ઓબામા શ્વેત ઘરમાં એક પગ એક મુહૂર્તમાં મૂકે અને પછી બીજો પગ બીજા મુહૂર્તમાં મૂકે !)

જગતને એમ છે કે ઓબામા એક મેજિશિયનનું નામ છે. એ વ્હાઈટ હાઉસમાં પગ મૂકશે કે જગતમાં રામરાજ્ય આવી જશે. રામની સાથે જો સાસુ હોત તો રામાયણની કથા જુદી જ હોત. કદાચ રામની જગ્યાએ સાસુમાએ જ રાવણનો ભુક્કો બોલાવ્યો હોત. અમારા વિજયભાઈએ મને કહ્યું કે "તમે ૧૯મીએ રિલાયન્સના શેર ખરીદી લેજો. બીજે દિવસે ભાવ આસમાને પહોંચી જશે. શેર બઝાર ઊંચું જશે" મારા બાલુકાકાની છ મહિનાથી નોકરી નથી. તેમણે ૨૦મી પછી નોકરી શોધવાનું નક્કી કર્યું છે. મારા શાંતાકાકીએ દેશી સ્ટોરમાંથી તેલ ખરીદવાનું હમણાં મુલતવી રાખ્યું છે. અમારા રતિકાકા તો ૨૦મી પછી ન્યૂ જર્સીમાં ઠંડી ઓછી થશે એમ આગાહી કરીને બેઠા છે. આનંદની વાત એ છે કે બારાકભાઈને આ બધી વાતની ખબર નથી !

ઓબામાને એક બીજી મુસિબત પણ છે. મિડલ ઈસ્ટની કે અફઘાનિસ્તાનની નહિ પણ તેમની કુટેવની. ઓબામા સાહેબને સિગરેટ પીવાની કુટેવ છે. એ એમણે છોડવી પડશે. નહિ તો પછી વ્હાઈટ હાઉસના રોઝ ગાર્ડનમાં હાથમાં સિગરેટ સાથે આંટા મારતા જોવા મળશે. કારણ કે વ્હાઈટ હાઉસ 'નો સ્મોકિંગ ઝોન' છે એટલે ત્યાં તો સિગરેટ પીવાની મનાઈ છે ! બીલ ક્લિન્ટનને સિગારનો શોખ હતો. ઓવલ ઓફિસના ટેબલના ખાનામાં રાખતા તે વાત તો મોનિકાબેને બહાર પાડી ત્યારે લોકોને ખબર પડી. હા, બારાક ઓબામાસાહેબે એક બીજી વાત ચોક્કસ યાદ રાખવી પડશે - આતંકવાદી હુમલા કરતાં પણ મોટો હુમલો પત્ની, સાસુમા ને બે દીકરીઓ તરફથી થશે, જો મોનિકા જેવું કોઈ પ્રાણી ઓવલ ઓફિસમાં પ્રવેશશે તો. . .

⌘ ⌘ ⌘

## સ્વર્ણભૂમિ

'પીઝ્ઝા ડિલીવરી બોય' - મનોજની આ કેટલામી નોકરી હતી એ જ એણે ગણવાનું છોડી દીધું હતું. અત્યાર સુધીમાં પેનલ બીટરને ત્યાં પતરાં ઘસવાનું, સુપર માર્કેટમાં માલ ગોઠવવાનું, પબમાં બિયરના ગ્લાસ ઉપાડવા ને ટેબલો સાફ કરવાના, રેસ્ટોરન્ટમાં વાસણો સાફ કરવાના, નર્સરીમાં ઝાડવાંને પાણી પાવાનું, કાર સાફ કરવાની, વગેરે અનેક પ્રકારના કામ એ કરી ચૂક્યો હતો. પણ ક્યાંક એને કામ ફાવ્યું નહિ ને ક્યાંક એના બોસને એ ફાવ્યો નહિ. થોડા પૈસા બચાવી તેણે ડ્રાઈવીંગ લાયસન્સ મેળવ્યું.

આનું નામ 'ભણ્યા પણ ગણ્યા નહિ !' મનોજ આમ તો ભણવામાં હોંશિયાર હતો. તેમાં પણ એણે કમ્પ્યુટરમાં ડીગ્રી મેળવી ત્યારથી જ તે હવામાં ઊડતો હતો, સપનાની દુનિયામાં રાચતો હતો. અને સપના જોવા કંઈ ખોટું નથી. માણસની પ્રગતિ એ રીતે જ થઈ શકે છે. માબાપ પણ ફૂલ્યા સમાતા ન હતા. ને શા માટે ન ફૂલાય ? નાની એવી નોકરીની આવકમાં પેટે પાટા બાંધી, અર્ધા ભૂખ્યા રહી, ઓવરટાઈમ કરી, એકના એક દીકરાને અહીં સુધી ભણાવ્યો હતો. હવે મનોજને એક સરસ મોટા પગારની નોકરી મળી જાય એટલે ભૈયો ભૈયો ! એમના દુઃખના દિવસોનો અંત !

મનોજને પણ એમ જ હતું કે એક સારી નોકરી આસાનીથી મળી જશે. પણ ઘણી અરજીઓ કરી છતાં ક્યાંયથી સંતોષકારક જવાબ મળ્યો નહિ. જે પણ નોકરી મળતી હતી તે તેની કાબેલિયત કરતાં નીચા દરજ્જાની અને ઓછા વેતનની હતી. તેને ખબર પડયા કે તેનો એક મિત્ર ઓસ્ટ્રેલિયા જઈને મોટા પગારની નોકરીમાં ગોઠવાઈ ગયો છે. હવે તેને ઓસ્ટ્રેલિયા જવાની ધૂન લાગી. પણ ઓસ્ટ્રેલિયાનો વિઝા મેળવવો સહેલો નહોતો. એજન્ટ મોટું મોઢું ફાડીને બેઠો હતો. માબાપ પાસે તો કાંઈ બચત નહોતી. અંતે ઘર ગીરો મૂકી પૈસા મેળવી, થોડી સગાંવહાલાંમાંથી ઉધારી કરી, માબાપે મનોજને ઓસ્ટ્રેલિયા ભેગો કર્યો. ધારણા તો એવી હતી કે જતાં વેંત તેને નોકરી મળી જશે અને ત્યાંની આવકમાંથી ઉછીના લીધેલા બધા જ પૈસા થોડાજ વખતમાં ભરપાઈ થઈ જશે.

એજન્ટે મોટી મોટી વાતો કરીને મનોજની આશાને આસમાને ચઢાવી હતી. ઓસ્ટ્રેલિયા તો સોનાની ખાણ છે. ઓસ્ટ્રેલિયા જાણે કે મનોજ જેવા નિષ્ણાતની રાહ જોઈને જ બેઠું હતું. ખબર પડતાં જ કંપનીઓ તેને નોકરી આપવા પડાપડી કરશે. ઈન્ટરનેટ પર તો સેંકડો જગ્યાઓ ખાલી પડી હતી. બસ, તેણે પોતે જ નકકી કરવાનું કે ક્યાં નોકરી લેવી ?

માણસ ધારે કંઈ પણ થાય તો ઈશ્વરનું ધાર્યું. થોડા જ સમયમાં મનોજને વાસ્તવિકતાનો ખ્યાલ આવી ગયો. 'વાયટુકે'નો ફુગ્ગો ફૂટી ગયા પછી તેના જેવી લાયકાતવાળા અને વધારે અનુભવી કેટલાયે લોકો નોકરી વગર રઝળતા હતા. ઈન્ટરનેટ પરની જાહેરાતો ફક્ત કંપનીઓના સંશોધન માટે હતી, ત્યાં કોઈ નોકરી નહોતી ! બેપાંચ ઠેકાણે ઈન્ટરવ્યુ આપ્યા પણ બધાને તેનું અંગ્રેજી કાચું ને જ્ઞાન છીછરું લાગતું હતું. વાસ્તવિકતા બીહામણું રૂપ ધારણ કરી તેની સામે અટ્ટહાસ્ય કરી રહી હતી. અહીંના મોંઘા જીવન ધોરણમાં તો સાથે લાવેલા ખીસાખર્ચના પૈસા જોતજોતામાં ખલાસ થઈ ગયા. પાછા દેશમાં જવામાં નામોશી હતી. માબાપને માથે કરજ હતું તે ચૂકવવાની જવાબદારી પણ તેની જ હતી. ઘેરથી કાગળ આવ્યો હતો, વ્યાજ સહિતનો પહેલો હપ્તો ભરવાનો દિવસ નજીક આવી રહ્યો છે.

પોતાનો આઈટીનો અહમ્ છોડીને તેણે નાનામોટા જે કાંઈ પણ કામ મળે તે કરવાનું શરૂ કરી દીધું. છેલ્લા બે અઠવાડિયાથી એ પીઝ્ઝા ડિલીવરીનું કામ કરતો હતો. સાંજના છ થી રાતના બે વાગ્યા સુધી દોડાદોડી ને થાકનું કામ હતું. રોજેરોજ નીતનવા ઘરાકો, અજાણ્યા ઠેકાણા, તરેહતરેહના માણસો અને એવી જ સ્વભાવોમાં પણ વિચિત્રતા ને વિવિધતા ! કયાંક બાળકો, ક્યાંક યુવાનો, ક્યાંક વૃદ્ધ તો ક્યાંક એકલ માણસ પણ હોય. ન ધાર્યા હોય એવા અવનવા અનુભવ એને થતા હતા. ક્યાંક ઓર્ડર ખોટો હોય, કોઈ પૈસા માટે રકઝક કરે, થોડાક મોડા થવા માટે ઝઘડો કરી નાખે તો કોઈ ઉદારતાથી બેપાંચ ડોલરની ટીપ પણ આપી દે. દરરોજ વહેલી સવારે થાકીને પથારીમાં સૂતી વખતે તે પોતાના કિસ્મત પર વિચાર કરવાનું ચૂકતો નહિ.

આજે લગભગ મધરાતે એક મોટો ઓર્ડર આવ્યો. 'બે લાર્જ સુપર સુપ્રીમ પિઝ્ઝા, એક પાસ્તા, ત્રણ કોક, ત્રણ ગાર્લિક બ્રેડ, એક લાર્જ સેલાડ'. બેચાર મિત્રો ભેગા થઈને પાર્ટી કરતા હશે એમ લાગ્યું. મધરાતની આવી પાર્ટીની તો મનોજે કલ્પનાજ કરી છે. કોઈ મિત્ર કોઈવાર એને પાર્ટીમાં જોડાવા બોલાવે તો પણ આવક વગરના આ ખર્ચનો વિચાર કરીને એ ના પાડી દેતો. પાર્ટીની ક્યાં વાત કરવી, એણે તો અહિ આવીને પેટ ભરીને ખાધું પણ નથી.

બધું લઈને મનોજ પહોંચ્યો વિલ્સન સ્ટ્રીટ પર. ૭ નંબરના ઘરની બેલ દબાવી. જેવું બારણું ખૂલ્યું કે તેણે નિયમ મુજબ બોલવાનું શરૂ કર્યું, 'બે લાર્જ. . ' પણ પછીના શબ્દો તેના મોઢામાંથી બહાર ન નીકળી શક્યા. તેનું મોઢું ખૂલ્લું જ રહી ગયું અને આંખો ફાટેલી ! તેની સામે એક નીર્વસ્ત્ર સફેદ દૂધ જેવી પરી ઊભી હતી. તેણે હસિને તેને આવકાર આપ્યો. મનોજે બોલવાનું વાક્ય તે પરી જેવી સ્ત્રી જ બોલી ગઈ, "બે લાર્જ પિઝ્ઝા, એક પાસ્તા, ત્રણ કોક, ત્રણ ગાર્લિક બ્રેડ, એક લાર્જ સેલાડ, છે ને ?"

'હ. .હા. .' મનોજ માંડ બોલી શક્યો.

'અહીં કોફી ટબલ પર મૂકી દે' તે સ્ત્રીએ ઈશારો કરી કહ્યું.

કોફી ટેબલ બિયર અને વાઈનની બોટલો અને ગ્લાસથી છવાયેલું હતું જે ફટોફટ ઉપાડી લેવાયા. અધ્ધર શ્વાસે અને નીચી નજરે જ તેણે બધું કોફી ટેબલ પર ગોઠવ્યું. પૈસા લેવા માટે તે ટટ્ટાર થયો ત્યારે તેની નજર સામેના બે સોફા પર પડી. ત્યાં પણ આ સ્ત્રી જેવી જ સ્થિતિમાં બીજા બે પુરુષો ને બે સ્ત્રીઓ બેઠી હતી. મનોજે આમ તો ધોળા શરીરો બીચ ઉપર બીકીનીમાં ઘણા જોયાં હતાં પણ બિલકુલ નીર્વસ્ત્ર જોવાનો આ પહેલોજ અનુભવ હતો. તેને એમ પણ લાગ્યું કે તેને કદાચ ચક્કર આવશે પણ મન મજબૂત કરી જાતને સંભાળીને ઊભો રહ્યો. તેમાંથી એક પુરુષ તેને તાકીને જોઈ રહ્યો હતો, જાણે કે તેને માપતો હોય !

'કેટલા થયા ?' એ સ્ત્રીનો અવાજ જાણે દૂર ભોંયરામાંથી આવતો હોય એવું મનોજને લાગ્યું. અર્ધ બેભાન અવસ્થામાં જ એણે પણ આંકડો કહ્યો. પેલી સ્ત્રીએ પૈસા આપ્યા અને ઉપરથી દશ ડોલરની ટીપ પણ આપી

'ચાલશે ?' પેલા પુરુષે સામે બેઠેલી બે યુવતિઓ તરફ પ્રશ્ન ફેંક્યો.

'હોવ્વે' એકે હસિને જવાબ આપ્યો.

'શું નામ છે તારું ?' પેલાએ મનોજને પૂછ્યું,

'મનોજ'

'જો મનોજ, અમારો એક મેઈટ આવી શક્યો નથી. એક જણ ઓછું હોય તો પાર્ટી બરાબર જામે નહિ. શું સમજ્યો ? તું આવી શકીશ ?'

'પણ. . ' મનોજ ગેંગેંફેંફે કરવા લાગ્યો. સાવ અજાણ્યા, ફક્ત પિઝ્ઝાની ડિલીવરી જેટલી જ ઓળખાણવાળા માણસ તરફથી આ કઈ જાતનું આમંત્રણ અને શા માટે છે તે તરત તો તેને સમજાયું પણ નહિ. શું બોલવું ? શબ્દો મગજમાં આવતા નહોતા. આવી પરિસ્થિતિની તો તેને કલ્પના પણ ક્યાંથી આવે ?

'અરે યાર, એમાં પણબણ ન કરવાનું હોય. તને જલસો કરવા બોલાવું છું. આવો મોકો ફરી ન મળે. આખી જિંદગી યાદ કરીશ. તારી ડયુટિ ક્યારે પૂરી થાય છે ?'

'બે વાગે' મનોજનું મોઢું સૂકાઈ રહ્યું હતું. બે શબ્દો માંડ બોલી શક્યો.

'બસ, તો છૂટીને સીધો અહિ આવી જજે. અમારે તો સવાર લગીનું જાગરણ છે. સવારનો નાસ્તો કરીને પછી ઘેર જજે અહીંથી.'

હા કહેવી કે ના તે મનોજ નક્કી ન કરી શક્યો. આ લોકોની પાર્ટીમાં જોડાય ને પછી ખર્ચમાં ભાગ માગે તો ? ત્યાં તો એના મિત્રે કહ્યું, 'અરે બિચારાને સમજાવ તો ખરો કે આ પાર્ટી મારા તરફથી છે, એણે કાંઈ આપવાનું નથી.' છોકરીઓ ખડખડાટ હસિ પડી ને બોલી, 'બાપા જિંદાબાદ. . '

જવાબ ગોતવાની ગડમથલમાં 'ભલે' એટલું કહીને એ ત્યાંથી ભાગ્યો. ત્યાર પછી જે પણ પિઝ્ઝા ડિલીવર કરવા ગયો ત્યારે ડોર બેલ વગાડતાં તેનો હાથ ધ્રૂજતો હતો ને બારણું ખૂલશે ત્યારે શું દેખાશે તેના વિચાર માત્રથી તેનું દિલ ધડકતું હતું.

બીજે દિવસે લગભગ મધ્યાન સમયે તે પોતાની રૂમ પર આવ્યો. શરીર થાકથી લોથપોથ થઈ ગયું હતું. શરીર આખું જાણે નીચોવાઈ ગયું હતું, માથું હજી ભમતું હતું ને પેટમાં દુખાવો હતો. તેને હજી બધું સ્વપ્નવત લાગતું હતું. અને ઈચ્છતો હતો કે એ કોઈ અણગમતું વિકરાળ સ્વપ્ન જ હોય ! એક જ રાતમાં તેણે માબાપને આપેલા ત્રણ વચનો તોડી નાખ્યા હતા ! ન પીવાનું પીધું હતું, ન ખાવાનું ખાધું હતું, અને ન કરવાનું. . .એણે ધર્મ, સંસ્કાર અને પવિત્રતાનું નિલામ કરી નાખ્યું હતું. તે આનંદમાં મશગુલ હતો કે નશામાં ચકચૂર ? પ્રશ્નનો જવાબ શોધતો તે પથારીમાં આમતેમ આળોટતો રહ્યો. તેના મનને ક્યાંય ચેન નહોતું પડતું. શું સાચું અને શું ખોટું ? પશ્ચિમની સંસ્કૃતિના આ પાસાની એને પહેલીવાર જાણ થઈ અને જાતાનુભવ પણ થઈ ગયો ! શું કરવું ? ક્યાં જાવું ?

એ સ્વર્ણભૂમિમાં સોનું લેવા આવ્યો હતો. સોનું તો ન મળ્યું પરંતુ પોતે કથીરનો બની ગયો !

તેણે આ નોકરી પણ છોડી દીધી. ⌘ ⌘ ⌘

## ફરિયાદ, સમાધાન અને સુખ

તમને કોઈ કહે કે એક એવી જગ્યા છે જ્યાં તમારે કમાવા માટે નોકરી કે ધંધો કરવાની જરૂર નથી, ભોજન જમવા માટે જે માગો તે મળે પણ તમારે રાંધવાનું નથી કે રેસ્ટોરન્ટનું બીલ ભરવાનું નથી, રહેવાનું ઘર છે જે બંધાવવું નથી પડતું કે તેનું ભાડુ નથી આપવાનું, નોકરચાકરો છે પણ તમારે તેનો પગાર નથી આપવાનો, નાચગાન અને આનંદપ્રમોદ પુષ્કળ છે જેના ખર્ચની તમારે ચિંતા નથી કરવાની. ટૂંકમાં વગર મહેનતે લીલા લહેર છે. તમે તરત જ આ જગ્યાનું સરનામું માગશો અને ત્યાં જવા તલપાપડ થશો !

પણ સરનામું જાણ્યા પછી તમે ત્યાં જવાની ના પાડશો ! શા માટે ?

કારણ કે એ તો આપણા શાસ્ત્રોમાં લખેલું 'સ્વર્ગ' છે. આ એ જ સ્વર્ગ છે જે બધાને ગમે છે, જેમાં રહેવાની બધાને ઈચ્છા થાય છે તેમ છતાં પણ ત્યાં જવા કોઈ તૈયાર નથી.

આપણું જીવન પ્રત્યેનું દષ્ટિકોણ પણ કંઈક એવું જ છે. તે ભરપૂર છે પણ આપણે ફરિયાદ કરીએ છીએ કે તે ખાલી છે !

કંઈક મેળવવા માટે કંઈક આપવું પડે. થોડા માટે થોડુ અને ઝાઝા માટે ઝાઝું અને ઉપર બતાવ્યા પ્રમાણે ઘણું બધું એક સાથે જોઈતું હોય તો ઘણું બધું આપવું પડે - એક આખું જીવન.

અને આ આપણી મોટામાં મોટી ફરિયાદ છે.

ક્યારેક માણસ પાસે આરામથી જિંદગી જીવવા માટે બધું જ હોય છે અને છતાં તેને ફરિયાદ કરવાનું મન થાય જ છે. કારણ કે એકની એક વસ્તુ તેને ક્યારેક ગમે છે અને ક્યારેક નથી ગમતી. એ જ વસ્તુ એક જ સમયે કોઈને ગમે છે અને કોઈને નથી ગમતી.

આમ ફરિયાદ કરવી એ માણસના સ્વભાવનો એક અવિભાજિય ભાગ બની ગયો છે. મર્ફીના નિયમ પ્રમાણે 'બધા રાજી હોય ત્યારે કોઈક તો ફરિયાદ કરવાનું જ' એક જ વસ્તુ માણસને કોઈવાર ગમે છે ને કોઈવાર નથી ગમતી. ઊનાળામાં ઠંડા પવનની લહેરખી આવે ત્યારે જે માણસ રાજી થાય છે તેને તે પવન શિયાળામાં ફૂંકાય તો નથી ગમતો. ગરમીના દિવસોમાં આપણે વરસાદની આતુરતાની રાહ જોઈએ છીએ પણ વરસાદ આવી ચડે ત્યારે કેરીના આંબાવાળાને નુકશાન થાય છે એટલે એને એ નથી ગમતો. વરસાદ આવે તો રાજી થનાર પણ એ બંધ ન રહે તો તેની ફરિયાદ કરે છે. બરફ પડે તો સ્કીના રિસોર્ટવાળા રાજી થાય છે પણ તેનાથી રસ્તા પરનો વાહવ્યવહાર ખોરવાઈ જાય તો હજારો લોકો ફરિયાદ પણ કરવાના.

ભણીને ડીગ્રી મેળવવી એટલું અઘરું નથી લાગતું પણ ડીગ્રી મેળવ્યા પછી નોકરી મેળવતાં નાકે દમ આવી જાય છે. અને નોકરી મળ્યા પછી તે જાળવી રાખવામાં તેથી પણ વધારે મહેનત કરવી પડે છે.

પ્રેમ તો પ્રથમ દષ્ટિએ થઈ જાય છે પણ તેમાં સફળ તો વીરલા હોય તે જ થાય છે. અને લગ્ન પછી પ્રેમને જાળવી રાખવા માટે ઘણી કુરબાની આપવી પડે છે.

જનમ્યા પછી જિંદગીને સુખી અને સાર્થક બનાવવા માટે અનેક સંઘર્ષોનો સામનો કરવો પડે છે.

જેણે કદી દુઃખ જોયું નથી એને સુખ શું છે તે સમજાતું નથી. એટલે જ ઘણા સુખી લોકો ફરિયાદ કરે છે કે પોતે સુખી નથી અને જોનારાને તેની નવાઈ લાગે છે. તડકામાં ફર્યા વગર છાયાની શિતળતાના આનંદની સમજ ન પડે. ભૂખ્યા થયા વગર ભોજનમાં સ્વાદ ન આવે. ગરીબ થયા વગર પૈસાની મહત્તા ન સમજાય અને એટલે જ પૈસાદાર કુટુંબમાં જન્મેલા નબીરાને પૈસાની કાંઈ કિંમત નથી હોતી.

ઉનાળાના પહેલા વરસાદ પછી જમીનમાંથી સુગંધ નીકળે છે કારણ કે સખત તાપમાં સૂકી બનેલી જમીનને મોસમના પહેલા વરસાદનો સંગ ગમે છે. પણ અતિવૃષ્ટિથી ત્યાં કાદવ થાય છે અને પછી તે ગંધાઈ ઊઠે છે. તે જ રીતે વિરહ વિના મીલનમાં આનંદ નથી. લાંબા વિરહ પછીના મીલનમાં ખૂબ આનંદ, મીઠાશ અને પ્રેમનો ઉમળકો હોય છે. વધારે પડતા મીલનમાં કડવાશ પણ ઉભી થઈ શકે છે.

માણસ પોતાના સૌથી નજીકના સંબંધી સાથે પહેલાં ઝઘડે છે. દૂરના સંબંધીમાં જે ક્ષતિ ગૌણ દેખાય છે તે નજીકના સંબંધમાં મોટી બની જાય છે અને તેની ફરિયાદ શરૂ થઈ જાય છે. એટલે જ જે ક્ષતિ બીજામાં માફ કરવાને યોગ્ય ગણાય તે પતિ-પત્ની એકબીજામાં સહન કરી શકતા નથી અને વાત છૂટાછેડા લેવા સુધી પહોંચી જાય છે. ઉપરાંત એક જ ઘરમાં રહેતા સંયુક્ત કુટુંબમાં ઝઘડા વધારે જોવા મળે છે.

ફરિયાદ કરવી એ માણસનો જન્મસિદ્ધ હક્ક છે અને તે દરેક સંજોગોમાં તેનો ઉપયોગ કરે છે.

પૂનમનો ચંદ્ર દરરોજ થોડો થોડો ઘટીને અમાસને દિવસે બિલકુલ અદ્રશ્ય થઈ જાય છે અને પછી દરરોજ થોડો થોડો વધીને પૂનમને દિવસે પૂર્ણ ચંદ્ર થઈ જાય છે. આ પાછળ એક પૌરાણિક કથા છે. પહેલાં ચંદ્ર દરરોજ પૂર્ણ કળાએ જ ખીલતો. શિતળ ચાંદનીમાં પ્રેમીઓને પ્રેમક્રીડ કરવાની મજા આવતી. વટેમાર્ગુઓને રસ્તો બરાબર દેખાતો. પરંતુ પશુ પક્ષીઓ જેઓ રાત્રે ખુલ્લામાં કે વૃક્ષ પર સૂઈને આરામ કરે અને આખા દિવસનો થાક ઉતારે તેઓ ચંદ્રના અજવાળાને કારણે ઊંઘી શકતા ન હતા. નિશાચરો રાત્રે ભક્ષ શોધી શકતા નહિ. ઉપરાંત ચોર રાત્રે લોકો સૂઈ ગયા હોય ત્યારે જ તેમના ઘરમાં ઘુસી જઈને ચોરી કરી શકે પણ ચંદ્રના અજવાળામાં તેને પકડાઈ જવાનો ભય રહેતો એટલે એ ચોરી કરી શકે નહિ અને આવકના અભાવે તેનું કુટુંબ ભૂખે મરતું હતું. એટલે બધાએ સાથે મળીને ઈશ્વરને પ્રાર્થના કરી કે "આ ચંદ્રને હટાવો. દિવસે સૂર્યનું અજવાળું છે તે ઘણું છે, રાત્રે આ અજવાળાની જરૂર નથી." ઈશ્વરે બધાને ન્યાય તો આપવો જ જોઈએ. પણ ચંદ્રને તેના સ્થાન પરથી હટાવે તો તેને અન્યાય કર્યો કહેવાય. અને પેલા પ્રેમીઓનું શું ? તે ક્યાં જાય ? એટલે તેમણે વચ્ચેનો માર્ગ કાઢયો. જે આજે આપણે જોઈએ છીએ. બધા ખુશ અને ચંદ્ર પણ નારાજ નહિ !

જીવનમાં સુખ માણવા માટે આવા જ કોઈ સમાધાનની જરૂર છે. માણસે ફરિયાદોની માત્રા ઘટાડવી પડશે અને અપૂર્ણ સુખથી પણ ચલાવી લેવું પડશે. તો જ તે જીવનનો સાચો આનંદ માણી શકશે. એમ પણ કહી શકાય કે જેમ સમાધાનની માત્રા વધારે તેમ સુખની સપાટી પણ ઊંચી.

⌘ ⌘ ⌘

## આપણાં શાકભાજી - મરચું

(અનુસંધાન પાના ૮થી ચાલુ )

પણ આ એક બે ઘુંટડા આલ્કોહોલ પૂરતું સારું. વધારે પીનાર આલ્કોહોલ સાથે મરચું પણ તેટલું વધારે ખાય તો સ્મશાન કે કબરનો રસ્તો પણ તેટલો વધારે ટુંકો થઈ જાય ! એટલે રસોઈમાં જેમ મીઠુ 'સ્વાદાનુસાર' ભેળવવામાં આવે છે, અને આજકાલ ડોક્ટરો પણ મીઠુ જેમ બને તેમ ઓછું ખાવાનું કહે છે તેમ મરચું પણ ફક્ત 'સ્વાદાનુસાર' અને જેમ બને તેમ ઓછું ખાવું સારું.

નોંધઃ સ્વાદ અને શોખ ખાતર અહી મરચાં વિષે માહિતી આપી છે. માહિતીની સત્યતા વિષે કોઈ બાંહેધરી આપવામાં આવતી નથી. આહારમાં ફેરફાર કરતાં પહેલાં કે રોગનિવારણ માટે તેનો ઉપયોગ કરતાં પહેલાં તેના નિષ્ણાતની સલાહ લેવી આવશ્યક છે.

'અતિ સર્વત્ર વર્જયેત્' ગમે તેટલી ફાયદાકારક વસ્તુ પણ જરૂર કરતાં વધારે ખાવાથી નુકસાન કરે છે.

મહાત્મા ગાંધી જેવા બેરીસ્ટરની પદવી મેળવેલા પુરુષ પણ કસ્તુરબા જેવી બહુ ઓછું ભણેલી જુના વિચારોવાળી સ્ત્રી સાથે સુખી સંસાર જીવી ગયા તેમાં સ્ત્રીની પતિભક્તિ, પુરુષના હૃદયની વિશાળતા અને હિન્દુ સંસ્કૃતિના આદર્શોની મહાનતાનો સમન્વય હતો.

મહાન જર્મન કવિ 'ગટે' કાળીદાસનું 'શાકુંતલ' વાંચીને એટલો ખુશ થઈ ગયો કે એ પુસ્તકને માથે મૂકીને નાચ્યો.

માણસ ગમે તેટલા રૂઢિચૂસ્ત અને જૂના જમાનાની વિચારસરણીવાળો હોય, પણ જમાનો તો બદલાઈ જ રહ્યો છે, અને મને કમને બધાંને એમાં ઘસડાવાનું જ છે.

ગાય પાળે એને જ ખબર પડે કે એ લાત પણ મારે છે અને ઢીક પણ મારે છે. હરાઈ થાય ત્યારે તેને સાચવવી મૂશ્કેલ છે. ગૌમુત્ર લેવા જતા ઘણા વૃદ્ધજનોને, તેમના પ્રેમ અને ભક્તિભાવની કદર કરવાને બદલે, ગાયે પાટુ મારી છે અને હોસ્પિટલ ભેગા કર્યા છે. રસ્તા વચ્ચે ઊભા રહી વાહનોનો એક્સિડન્ટ કરાવવાની તેની ખાસિયત તો જાણીતી છે. રસ્તા વચ્ચે કરેલા ગાયના પોદળામાં વરસાદનું પાણી ભળે છે ત્યારે તેમાં જે જીવાત થાય છે તેનાથી ફેલાતા રોગે શેરીમાં રમતા અનેક બાળકોનો ભોગ લીધો છે. ગાયના દૂધમાં ઘણા ઉત્તમ તત્ત્વો છે. પણ તેને રસ્તા પર રખડતી મૂકી દેવાને બદલે જો ગાયને સરખી રીતે સાંચવી શકાય, પરદેશમાં રાખવામાં આવે છે તેમ, તો જ તેના સાચા ફાયદા મળે. તેને ફક્ત 'પૂજનિય' ગણવાથી ગાય પ્રત્યેની જવાબદારી પૂરી થઈ જતી નથી.

## આપણાં શાકભાજી
## મરચું

(દરેક અંકમાં આપણાં શાકભાજી વિષે ઉપયોગી અને રસપ્રદ માહિતી અહીં પ્રગટ કરવાનો વિચાર છે. કોઈપણ વાચકમિત્ર પાસે એવી માહિતી હોય તો મોકલવાનું આમંત્રણ છે. યોગ્ય લાગશે તે અહીં, તેમના નામ સાથે, પ્રગટ કરવામાં આવશે, 'રીડર્સ ડાઈજેસ્ટ'ની જેમ કોઈ પુરસ્કાર તો આપવામાં નહિ આવે પણ એ રીતે આ સામયિક દ્વારા થતી ગુજરાતી ભાષા અને સમાજની સેવા કરવામાં સહકાર આપવાનો લ્હાવો અચૂક મળશે. - માનદ્ તંત્રી)

દૂબઈની પહેલી મુલાકાતમાં ત્યાંની 'સેન્ડ સફારી'માં જવાનું અગત્યનું ગણાય છે. શહેર રેતીના રણને કિનારે જ છે. ગામની બહાર નીકળો એટલે રણ શરૂ. બપોર પછી ફોર વ્હીલ ડ્રાઈવમાં બેસાડી તમને રેતીના ઢગલાઓ પર ઉપર-નીચે, આડા-અવળા ફેરવે. એક દોઢ કલાકની આવી દોડધામમાં તમારું શરીર સારું એવું ધોળાઈ જાય. કાચાપોચા મનના કે નબળા હૃદયના માણસોનું આમાં કામ નહિ. ખાધેલું બધું પચી જાય, ભૂખ પણ સખત લાગે. સૂર્યાસ્ત પછી એક કમ્પાઉન્ડમાં નાચગાનનો જલસો અને જમવાનું હોય.

પ્રદુષણ વગરના વાતાવરણમાં ખુલ્લા આકાશ નીચે રેતીના ઢગલાઓ પર જાજમ પાથરીને નાચગાનનું પ્રાંગણ તૈયાર કરેલું. અહીં વરસાદ ભાગ્યેજ આવે છે. તેના ફરતા જમવા બેસવા માટેના નીચા ઘાટના કોફીટેબલો અને બેસવાના બાંકડા રાખેલા. એક દિશામાં સ્ત્રીપુરુષોના આરબ પોષાકોમાં અને હારેમમાં બેસી હૂક્કો પીતા હોઈએ તેવા ફોટા પાડવાની સગવડ. એક દિશામાં સેન્ડસફારીની યાદગીરી જેવી ત્યાંની અવનવી વસ્તુઓનું પ્રદર્શન તથા 'સુવેનેર'ની દુકાન, એક દિશામાં ખાણીપીણીના બુફેના ટેબલ, એમ બધું ગોઠવાયેલું હતું.

સેન્ડસફારી બુક કરી ત્યારે મેં કહેલું કે મારે 'શાકાહારી' ભોજન જોઈશે. પણ 'મળી રહેશે' એ શબ્દો સિવાય મને બીજો કોઈ સંતોષકારક જવાબ ન મળ્યો. 'રણની મુસાફરી અગત્યની છે, જમવાનું ગૌણ છે. એકાદ વખતનું જમવાનું ન મળ્યું તો શું થયું ?' એમ મનને મનાવી મેં ગમે તે સંજોગોમાં આનંદ માણવાની માનસિક તૈયારી કરી લીધી. પણ જમવાની વ્યવસ્થા જોઈ ત્યારે ખુશીનો પાર ન રહ્યો. આમ ગણો તો બધું શાકાહારી ભોજન જ હતું. નોનવેજની ફક્ત બે આઈટેમ હતી જે અલગ ટેબલ પર રાખવામાં આવેલ. જમવાનું ગુજરાતી-પંજાબી-અરેબિક સ્ટાઈલનું મિક્સ હતું. રાજમા, તૂવેરની દાળ, રીંગણાબટેટાનું શાક, બટેટાફ્લાવરનું શાક, પાલકપનીર, સમોસા, પાલકના ભજિયા, રોટલી, પરાઠા, નાન, કબુસ, ત્રણ પ્રકારના હમુસ, ચટણી, બે સંભારા, બે રાઈતાં, અથાણાં, પાપડ, ચાર જાતની મીઠાઈ, વગેરે ઘણું જ હતું. ફાઈવ સ્ટાર હોટેલ જેવું હતું એમ કહી શકાય. (સફારીનો ભાવ પણ ફાઈવ સ્ટાર જેવો જ હતો.) મસાલેદાર અને સ્વાદિષ્ટ હતું, તીખાશ પણ માપસર હતી. મને તો બધું જ બહુ ભાવ્યું.

અમારા ગ્રુપમાં દેશપરદેશના લોકો હતાં. તેમાં એક ગુજરાતી કુટુંબ પણ હતું. કદાચ અમેરિકાથી આવેલું. તેમાં વડિલ લગભગ મારી ઉંમરના હશે. સ્વાભાવિક જ નામ-ઠામ જાણ્યા વગર અમારી વચ્ચે વાતચીતનો સંબંધ બંધાયેલો. જમતી વખતે મેં સ્વાભાવિક જ કહ્યું, 'જમવાનું સરસ છે'.

'શું ધૂળ સરસ છે ?' એ ભાઈ તો ઉછળ્યા, 'સાવ મોળું ફક છે, જરાય મરચું નથી ! અમારા તો પૈસા પડી ગયા.' જાણે કે તીખુંતમતમતું ભોજન માટે જ એ સેન્ડસફારીમાં આવ્યા હતા !

ગુરૂ દત્તની ગુન્હેગારોને સુધારવા માટેના સંદેશ માટે બહુ જ પ્રખ્યાત થયેલ ફિલ્મ 'દો આંખે બારા હાથ'નું એક દશ્ય અહિં યાદ આવેલું. ગુરૂ દત્ત સાત્ત્વિક અને પૌષ્ટિક ભોજન તૈયાર કરીને આ રીઢા ગુન્હેગારોને જમવા બેસાડે છે ત્યારે એક જ કોળિયો ભરીને એ બધા એકબીજા સામે જોવા લાગે છે. કોઈને જમવાનું ભાવતું નથી. પછી તેમની નજર ખૂણામાં પડેલા લીલા મરચાંના ટોપલા પર પડી અને ગુરૂ દત્ત તરફ ઈશારો કર્યો. જેવી મંજૂરી મળી કે તરત જ દોડીને દોથો ભરીને મરચાં લઈ લીધા અને પછી મરચાં સાથે હોંશે હોંશે જમવા લાગ્યા. અમે યુરોપની ગ્રુપ ટૂર કરેલી તેમાં એક ગુજરાતી બેન ઘેરથી લાવેલી અથાણાની બોટલ લઈનેજ જમવાના ટેબલ પર આવતા.

મરચું ન હોત તો ભારતીઓ જમત કેવી રીતે ? ખાસ કરી ગુજરાતમાં મરચાં વગરની વાનગી ગોતવી મુશ્કેલ છે. મરચાંની ઋતુમાં ઘરઘરમાં આખા વરસની જરૂરિયાતનું મરચું ખરીદી કરવાનું 'ટેન્શન' થઈ જાય છે. અને મરચું પણ હવે એક પ્રકારનું નથી હોતું. કેપ્સિકમ જેવા ભોપા, મોટા ને મોળા મરચાંથી માંડી ફક્ત એક ઈંચ લાંબા સૌથી વધુ તીખા મરચાંની અનેક જાતો છે. મોળા મરચાં શાકસંભારા માટે વપરાય છે. મધ્યમ પ્રકારના તીખા મરચાં મસાલા તરીકે તથા અથાણાં બનાવવામાં વપરાય છે.

મરચાંમાં એક જાતનો તેજાબ હોય છે જે તેને તીખો સ્વાદ આપે છે. આ તેજાબની માત્રા જેમ વધારે તેમ તેની તીખાશ વધારે. મરચું ખોરાકમાં સ્વાદ અને સુગંધ બંને ઉમેરે છે અને પાચનશક્તિમા મદદ પણ કરે છે. પણ જઠર દરેક વસ્તુ અમૂક પ્રમાણમાં જ પચાવી શકે છે. મરચાંના વધારે પડતા ઉપયોગથી ન પચેલું મરચું આંતરડાની દિવાલોને નુકસાન કરે છે અને તેમાં ચાંદા પાડે છે જેને અંગ્રેજીમાં 'અલ્સર' કહે છે. પેટમાં થતી બળતરા આની પહેલી નિશાની છે.

મરચું ઘણા દેશોમાં ઉગાડવામાં આવે છે પણ તે મુખ્યત્વે ગરમ પ્રદેશમાં ઉગતિ વનસ્પતિ છે. જેમ પ્રદેશની આબોહવા ગરમ વધારે તેમ ત્યાં વધારે તીખા મરચાં ઊગે અને સ્વાભાવિક જ ત્યાંના સ્થાનિક લોકોના ખોરાકમાં પણ તેનો વપરાશ વધારે હોય. તમે દક્ષિણ ભારતથી શરૂ કરી ઉત્તરમાં કાશ્મીર સુધીની મુસાફરી કરો તો તમે જેમ ઉત્તર તરફ જશો તેમ ત્યાંના મરચાં અને રસોઈના સ્વાદમાં તમને તીખાશ ઓછી લાગશે. દક્ષિણ ભારતમાં થતું 'મરડાશીંગી' મરચું લાંબુ, પાતળું ને બહુ જ તીખું હોય છે જ્યારે 'કાશ્મીરી' મરચું ઘણું રંગીન, સુગંધી અને ઓછું તીખું હોય છે.

ફક્ત ગુજરાતીઓ કે ભારતીયો જ મરચું ખાવાના શોખીન છે તેમ પણ ન માનવું. મેક્સિકન મરચું, જે નાનું, લગભગ ૫-૬ સેન્ટિમિટર લાંબુ હોય છે તે સૌથી વધુ તીખું ગણાય છે. અમેરિકામાં કેપ્સિકમના કદના 'હોટ પેપર' થાય છે જે તેટલા જ તીખા હોય છે અને મેક્સિકન વાનગીઓમાં વપરાય છે.

એક સંશોધન પ્રમાણે મરચાનો તેજાબ આલ્કોહોલ સાથે ભળીને શક્તિ પેદા કરે છે. એટલે જો આલ્કોહોલ પીતી વખતે સાથે મરચાવાળો તીખો ખોરાક લેવામાં આવે તો બંને એકબીજાની ઘાતક પ્રકૃતિનો નાશ કરીને શરીરને ફાયદો આપે છે.

(અનુસંધાન પાના ૭ પર)



**मेघदूतम्** (संपादकः डो.गौतम पटेल)

यश्यां यक्षाःसितमणिमयान्येत्य हम्यरस्थलानि
ज्योतिच्छायाकुसुमरचनान्युत्तमस्त्रीसहायाः ।
आसेवन्ते मधु रतिफलं कल्पवृक्षप्रसूतं
त्वदम्भीरध्यनिषु शनकैः पुष्करेष्वाहेषु ॥७१॥
मन्दाकिन्याःशलिलशिशिरेः सेव्यामाना मरुद्वि
मन्दाराणामरुतटरुहां छायया वारितोषणाः ।
अनयष्टव्येः कनकसिकतामुष्टिनिक्षेपगुढेः
स्क्रीडन्ते मणिभिरमरप्रार्थिता यत्र कन्याः ॥७२॥

**મેઘદૂત** (સંપાદકઃડો.ગૌતમ પટેલ, ભાવનગર)

જેમાં યક્ષો સ્ફટિકમણિના હર્મ્યભાગે જઈને,
તરાબિંબે કુસુમરચના, સુંદરીસાથ પામી,
આસ્વાદે છે 'રતિફલ' સુરા જન્મતી કલ્પવૃક્ષે,
તારા ઘેરાં ગરજન સમા વાગતાં મંદ ઢોલો.(૭૧)
સ્વર્ગંગાના સલિલશિશિરા વાયુ સેવંત જેને
ને મંદારો, તટ પર થતા, છાંથી તાપ વારે,
સોના રેતે રમત રમતી મુષ્ટિ નાંખી છુપાવ્યાં
રતનો શોધી, અમરગણને ઈષ્ટ જ્યાં કન્યાઓ. (૭૨)

(ક્રમશઃ દરેક અંકમાં બે પદ્ય મૂકાશે)

**Meghadoota of Kalidas (Editor: Dr.Gautam Patel)**

Where the Yakshas, accompanied by beautiful women, reaching their mansions, paved with crystals reflecting the images of stars resempling flower-patterns, enjoy the Ratifala wine, yielded by the wish-fulfilling tree, while drums are being played slowly like your thunder, O Cloud ! (71)

Where young maidens, whose hand is sought even by the Gods, cooled by the breezes of Mandakini and shaded by the Mandara trees along her bank, play with jewels concealed by a handful of golden sand in their palms and which have to be searched for. (72)

(To be continued: Two verses will be published in every issue.)